dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 298 | AD - 2025, Sravan Sud-08 | Friday, Dt.01-08-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### વિસ્ફોટમાં છ લોકો માર્યા ગયા હતા અને અન્ય ૧૦૧ ઘાયલ થયા હતા, આ કેસ લગભગ ૧૭ વર્ષ સુધી ચાલ્યો

# માલેગાંવ બ્લાસ્ટ કેસ : સાધ્વી પ્રજ્ઞા સહિત તમામ આરોપીઓ નિર્દોષ જાહેર

મુંબઈ,તા.૩૧

મુંબઈની એક વિશેષ અદાલતે ગુરુવારે સપ્ટેમ્બર ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં ભાજપના ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત તમામ સાત આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. વિસ્ફોટમાં છ લોકો માર્યા ગયા હતા અને અન્ય ૧૦૧ ઘાયલ થયા હતા. આ કેસ લગભગ ૧૭ વર્ષ સુધી ચાલ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે આ કેસમાં ૪૦ થી વધુ લોકોએ પોતાના નિવેદનો ફેરવી લીધા હતા. ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષની અંતિમ દલીલો સાંભળ્યા પછી અને પૂર્ણ કર્યા પછી કોર્ટે ૧૯ એપ્રિલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. હવે પુરાવાના અભાવે કોર્ટે આ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સીના કેસોની સુનાવણી માટે નિયુક્ત કરાયેલા ખાસ ન્યાયાધીશ એકે લાહોટીએ ફરિયાદ પક્ષના કેસ અને હાથ ધરાયેલી તપાસમાં અનેક ખામીઓ તરફ ધ્યાન દોર્યું. તેમણે કહ્યું કે આરોપીઓને શંકાનો લાભ મળવો જોઈએ. ચુકાદો વાંચતા, ન્યાયાધીશે કહ્યું કે કેસને શંકાની બહાર સાબિત કરવા માટે કોઈ વિશ્વસનીય અને નક્કર પુરાવા નથી. કોર્ટે કહ્યું કે વિસ્ફોટમાં વપરાયેલી બાઈક પ્રજ્ઞા ઠાકુરની હતી તેવા કોઈ પુરાવા મળ્યા નથી. જસ્ટિસ લોહોટીએ કહ્યું, 'મોટરસાયકલનો ચેસિસ નંબર ભૂંસી નાખવામાં આવ્યો હતો અને એન્જિન નંબર શંકાના દાયરામાં છે. સાધ્વી માલિક હોવાના કોઈ પુરાવા નથી અને ન તો એવું સાબિત કરવા માટે કોઈ પુરાવા છે કે વાહન તેના કબજામાં હતું. જસ્ટિસ લાહોટીએ કહ્યું બાઈકમાં બોમ્બ રાખવાના કોઈ પુરાવા મળ્યા નથી. કર્નલ પુરોહિત સામે પણ કોઈ પુરાવા મળ્યા નથી. કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ લાહોટીએ કહ્યું કે ૩-૪ એજન્સીઓ આ કેસની તપાસ કરી રહી છે, પરંતુ



આરોપી વિરુદ્ધ કોઈ પુરાવા મળ્યા નથી. તેમણે કહ્યું કે આ કેસમાં પણ કાશ્મીરથી આરડીએક્સ લાવવાના કોઈ પુરાવા મળ્યા નથી. ન્યાયાધીશે કહ્યું, 'પ્રોસિક્યુશન સાબિત કરી શક્યું નથી કે વિસ્ફોટના સ્થળે આરડીએક્સ લગાવવામાં આવ્યું હતું. જોકે, સાબિત થયું કે આરોપીની બાઈક ત્યાં હતી. લેફ્ટનન્ટ કર્નલ પુરોહિત પર કાશ્મીરથી આરડીએક્સ લાવવાનો અને તેને પોતાના ઘરમાં બનાવવાનો આરોપ હતો. ચુકાદો વાંચતી વખતે ન્યાયાધીશે કહ્યું કે કોર્ટમાં આ સાબિત થઈ શકતું નથી. વહેલી સવારે, સાત આરોપીઓ દક્ષિણ મુંબઈની સેશન્સ કોર્ટમાં પહોંચ્યા, જ્યાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આરોપીઓ જામીન પર હતા. આ કેસમાં આરોપીઓમાં પ્રજ્ઞા ઠાકુર, પુરોહિત, મેજર (નિવૃત્ત) રમેશ ઉપાધ્યાય, અજય રાહિરકર, સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને સમીર કુલકર્ણીનો સમાવેશ થાય છે. ચુકાદાના દિવસે તમામ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે એવી પણ ચેતવણી આપી હતી કે તે દિવસે ગેરહાજર રહેનારા આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. આ બધા પર યુએપીએ અને ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો અને શસ્ત્ર અધિનિયમ હેઠળ આતંકવાદી કૃત્યો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે સ્થાનિક મુસ્લિમ સમુદાયને ભયભીત કરવાના હેતુથી જમણેરી ઉગ્રવાદીઓ દ્વારા વિસ્ફોટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેસમાં લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત, ભાજપના ભૂતપૂર્વ સાંસદ પ્રજ્ઞા સિંહ ઠાકુર અને નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાય સહિત સાત લોકો પર કેસ ચલાવવામાં આવ્યો હતો. આ બધા લોકો પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અને ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યા હતા.

૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ, મહારાષ્ટ્રના માલેગાંવમાં રમઝાનના પવિત્ર મહિનામાં અને નવરાત્રિ પહેલા વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટમાં છ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. દાયકા લાંબી ટ્રાયલ દરમિયાન, ફરિયાદ પક્ષે ૩૨૩ સાક્ષીઓની તપાસ કરી હતી, જેમાંથી ૩૪ સાક્ષીઓ ફરી ગયા હતા. શરૂઆતમાં, આ કેસની તપાસ મહારાષ્ટ્ર આતંકવાદ વિરોધી ટુકડી દ્વારા કરવામાં આવી હતી. જોકે, ૨૦૧૧ માં તપાસ એનઆઈએને સોંપવામાં આવી હતી.

# ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર સંબંધોમાં તણાવના સંકેત

નવીદિલ્હી,તા.૩૧

ભારત અમેરિકાનો મુખ્ય વેપારી ભાગીદાર છે. ગયા વર્ષે બંને દેશો વચ્ચેનો વેપાર $૧૩૦ બિલિયન જેટલો હતો. આવી સ્થિતિમાં, ટ્રમ્પની જાહેરાત દ્વિપક્ષીય વેપાર માટે એક આંચકો છે. યુએસ ચેમ્બર ઓફ કોમર્સને ડર હતો કે નવા ટેરિફથી વ્યાપારિક વિશ્વાસને નુકસાન થશે અને ૨૦૨૫-૨૬માં વેપારમાં ૧૫ થી ૨૦ બિલિયનનો ઘટાડો થઈ શકે




છે. યુએસે પહેલાથી જ સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૫૦ ટકા અને ઓટો સેક્ટર પર ૨૫ ટકા ડ્યુટી લાદી છે. ભારતના જે ક્ષેત્રો સૌથી વધુ પ્રભાવિત થશે તેમાં રત્નો અને ઝવેરાત, ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ, ઓટોમોબાઈલ્સ અને સ્પેરપાર્ટ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને કાપડ ઉદ્યોગોનો સમાવેશ થાય છે. અમેરિકા આ ક્ષેત્રો માટે એક મોટું બજાર છે. આઈટી સેવાઓ, એફએમસીજી, ટેલિકોમ, રિયલ એસ્ટેટ, બેંકિંગ અને પાવર સેક્ટર પર વધુ અસર નહીં થાય. અમેરિકા સાથેના વેપારમાં આ ક્ષેત્રોનો હિસ્સો ખૂબ ઓછો છે. ભારતની આઈટી કંપનીઓ અમેરિકામાં વ્યવસાય કરે છે, પરંતુ તે સેવા શ્રેણી હેઠળ આવે છે, જે ટેરિફની બહાર છે. ટ્રમ્પે ૨ એપ્રિલે ભારત પર ૨૬ ટકા ટેરિફની જાહેરાત કરી હતી, જેને પાછળથી ૯૦ દિવસ માટે મુલતવી રાખવામાં આવી હતી. હવે ૨૫ ટકા ટેરિફ ચીન સિવાયના અન્ય એશિયન દેશો કરતાં વધુ છે. ટ્રમ્પે ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ, વિયેતનામ અને જાપાન પર ૨૦ ટકા કે તેથી ઓછો ટેરિફ લાદ્યો છે.

# મોદી કેબિનેટે ખેડૂતો અને રેલવે સંબંધિત ૬ મોટા નિર્ણયો લીધા : અશ્વિની વૈષ્ણવ

મુંબઈ,તા.૩૧

મોદી કેબિનેટે ખેડૂતો અને રેલવે સંબંધિત ૭ મોટા નિર્ણયો લીધા છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે NCDC-રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમના ભંડોળમાં વધારો કરવામાં આવ્યો છે. ૯૪ ટકા ખેડૂતો તેની સાથે જોડાયેલા છે. મંત્રીમંડળે ૨૦૦૦ કરોડની નાણાકીય સહાય આપી છે. તેમણે કહ્યું કે કેબિનેટે ૨૦૨૫-૨૬ થી ૨૦૨૮-૨૯ માટે ૨૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે કેન્દ્રીય ક્ષેત્રની યોજના 'રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ સહાય' ને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પીએમ કૃષિ સંપદા યોજનામાં ૬૫૨૦ કરોડ રૂપિયાનો નાણાકીય ખર્ચ વધારવામાં આવ્યો છે. લેબ અને માળખાગત સુવિધાઓ માટે ૧૦૦૦ કરોડ રૂપિયાની વધારાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. આ અંતર્ગત, ફૂડ ટેસ્ટિંગ લેબ અને ઈરેડિયેશન યુનિટ સ્થાપિત કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે છેલ્લા ૧૧ વર્ષમાં ફૂડ પ્રોસેસિંગ બમણું થયું છે. તેમણે કહ્યું કે નિકાસ ૫ અબજ ડોલરથી વધીને ૧૧ અબજ ડોલર થઈ ગઈ છે. આ સાથે, સરકારે એક મોટા રેલ પ્રોજેક્ટની જાહેરાત કરી છે. કેબિનેટે ઈટારસીથી નાગપુર સુધીની ચોથી લાઈનના નિર્માણને મંજૂરી આપી છે. ત્રીજી લાઈનનું કામ ચાલી રહ્યું છે અને આજે ચોથી લાઈનને મંજૂરી આપવામાં આવી છે. પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના વિશે માહિતી આપતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે કેબિનેટે કુલ ૬૫૨૦ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપી છે જેમાં ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ સુધી ચાલનારી આ યોજના માટે ૧૯૨૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ સામેલ છે. આમાં, બજેટ જાહેરાત મુજબ પીએમકેએસવાયના ઈન્ટિગ્રેટેડ કોલ્ડ ચેઈન અને વેલ્યુએડિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઘટક યોજના હેઠળ ૫૦ મલ્ટી-પ્રોડક્ટ ફૂડ ઈરેડિયેશન યુનિટ્સ અને ફૂડ સેફ્ટી એન્ડ ક્વોલિટી એશ્યોરન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઘટક યોજના હેઠળ ૧૦૦ એનએબીએલ માન્યતા પ્રાપ્ત ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરીઝ સ્થાપવા માટે રૂ. ૧૦૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.













# સાવરકુંડલામાં કોંગ્રેસ દ્વારા નગરપાલિકાનો ઘેરાવ કરાયો

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલા શહેરમાં કોંગ્રેસ પક્ષ દ્વારા નગરપાલિકા સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત સહિત પક્ષના મોટી સંખ્યમાં કાર્યકરો અને હોદ્દેદારોએ મહાદેવના મંદિરે અભિષેક કર્યા બાદ નગરપાલિકા કચેરીનો ઘેરાવ કર્યો હતો. કોંગ્રેસના કાર્યકરોએ સુત્રોચ્ચાર સાથે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે કોંગ્રેસ કાર્યાલયથી નગરપાલિકા સુધી પગપાળા રેલી યોજી હતી અને ચીફ ઓફિસરને સંબોધીને ચારથી વધુ મુદ્દાઓ અંગે આવેદનપત્ર સુપરત કર્યું હતું. આ આવેદનપત્રમાં સાવરકુંડલાના શહેરીજનોને નગરપાલિકા દ્વારા અપાતી આવશ્યક સુવિધાઓના અભાવથી પડી રહેલી મુશ્કેલીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.આવેદનપત્રમાં જણાવાયું હતું કે, નગરપાલિકા દ્વારા વિવિધ આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળતાને કારણે આમ જનતા ત્રાહિમામ પોકારી ઉઠી



છે. લોકોને પડતી મુશ્કેલીઓ, વધારાના વ્યાજ, રોડ રસ્તાની કથળતી સ્થિતિ, અને ગટર જેવા વિકટ પ્રશ્નોને વાચા આપવા અને તંત્રને જગાડવા માટે આ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. મુખ્ય મુદ્દાઓમાં ખોટી આકારણી કરીને નાના અને ગરીબ માણસો પર કમરતોડ ટેક્સ લાદવાનો અને પઠાણી ઉઘરાણી કરવાનો આક્ષેપ કરાયો હતો. ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ મુજબ વ્યાજ લેવાની જોગવાઈ ન હોવા છતાં, લોકોને ડરાવી-ધમકાવીને ખોટી જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી ૧૮% વ્યાજ વસૂલવાનો પ્રયાસ કરવામાં આવતો હોવાનો પણ આક્ષેપ કરાયો. કોંગ્રેસ દ્વારા તાત્કાલિક અસરથી આ ગેરકાયદેસર ૧૮% વ્યાજનો આદેશ દૂર કરવા અને મકાન-મિલકતની તટસ્થ રીતે ફરીથી આકારણી કરવાની માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત, શહેરમાં સફાઈ, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ અને શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓના અભાવ અને ગટરો ઉભરાવાની, રોડ-રસ્તા ખરાબ થવાની તથા પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી જવાની સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

**નગરપાલિકા સામે વેરા વસુલાતની પઠાણી ઉઘરાણી કરવા બાબતે ચીફ ઓફિસરને આવેદન પાઠવ્યુ**

**રસ્તામાં ખાડો કે ખાડામાં રસ્તો તે જ વાહનચાલકોને સમજાતું નથી**

# મોટી કુંકાવાવ ગામે બસ સ્ટેશન ચોકમાં મસમોટા ખાડાઓથી ભારે હાલાકી

અમરેલી,તા. ૩૧

મોટી કુંકાવાવ ગામે આવેલા બસ સ્ટેશનમાં ફૂટ ફૂટના ખાડા હોવાથી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ બાબતે અનેકવાર માર્ગ મકાન ખાતાને રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં ન આવતા વાહનચાલકોમાં ભારે રોષ ફેલાયો છે. કુંકાવાવ શહેર રાજકોટ જવા માટે મહત્વનું શહેર છે ત્યારે આ માર્ગ પર અનેક વાહનો પસાર થાય છે જોકે બસ સ્ટેશનની મધ્યમાં જ મસમોટા ખાડાઓ પડી ગયા હોવાથી વાહનચાલકો છેલ્લા ઘણા સમયથી ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રસ્તા પર એટલા બધા ખાડાઓ આવેલા



છે કે વાહનચાલકોને વાહન ક્યાં ચલાવવું તેની પણ સમજ પડતી નથી. માર્ગ મકાન ખાતુ જિલ્લાના હાઈવે પર પેચવર્કનું કામ કરી પોતાની કામગીરીના ફોટાઓ સોશિયલ મીડિયામાં મૂકી રહ્યું છે. બસ સ્ટેશન પાસે જ મોટા ખાડાઓ હોવાથી વાહનચાલકોને હવે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. બસ સ્ટેશન પાસે પડેલા ખાડાઓ તાત્કાલિક બુરવામાં આવે તેવી વાહનચાલકો અને શહેરીજનોએ ઉગ્ર માંગ કરી છે.

# ધારીમાં આવેલા હરિકૃષ્ણ નગરમાં સિંહોએ ગાયનું મારણ કરતા ફફડાટ

ધારી,તા. ૩૧

ધારી શહેરમાં આવેલા હરિકૃષ્ણ નગરમાં અવારનવાર સિહોના આંટાફેરાની ઘટના જાણે સામાન્ય બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. સિંહ હવે જંગલ વિસ્તાર છોડી રેવન્યુ વિસ્તારમાં શિકારની શોધમાં આવી ચડતા હોવાથી આ વિસ્તારના લોકોમાં ભયનો માહોલ છવાયો છે. જેમાં ગતરાત્રિના હરિકૃષ્ણ નગરમાં



તસવીર : સંજય વાળા

મધરાત્રે સિંહોએ આંટાફેરા કરતા શ્રવણભાઈ ભાઠીના નિવાસસ્થાન પાસે શેરીમાં એક ગાયનું મરણ કર્યું હતું જેથી આ ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગે તાત્કાલિક મારણને દૂર ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગજેરા કેમ્પસની ભગત મહિલા સાયન્સ કોલેજમાં ખેલકુદ સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૩૧

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત, સંચાલિત ગજેરા કેમ્પસની શ્રીમતી યુ.બી. ભગત મહિલા સાયન્સ કોલેજમાં ખેલકુદ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મહિલા ખેલાડીઓએ ગોળાફેંક-ચક્રફેંક-બરછી ફેંક-હેમર થ્રો સ્પર્ધામાં ભાગ લીધો





હતો. આ વિવિધ સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ધારીના આંબરડી રોડ પર દુર્લભ કાચીંડો કેમેરામાં થયો કેદ

ધારી,તા.૩૧

ધારીના આંબરડી રોડ પર એક અતિ દુર્લભ કેમેલિયન કાચીંડો કેમેરામાં કેદ થયો હતો. સામાન્ય રીતે ગાઢ જંગલોમાં જોવા મળતી આ પ્રજાતિનો કાચીંડો ભાગ્યે જ ખુલ્લા વિસ્તારમાં જોવા મળે છે, લીલા રંગનો આ કેમેલિયન કાચીંડો દિવસમાં ત્રણ વખત રંગ બદલવાની ક્ષમતા ધરાવે છે. કાચીંડાની અનેક પ્રજાતિઓમાંથી કેમેલિયન પ્રજાતિ



તસવીર : સંજય વાળા

ખૂબ જ ઓછી જોવા મળે છે, આ કાચીંડો તેના રંગ બદલવાના ગુણધર્મને કારણે જાણીતો છે, જે તેને શિકારીઓથી બચવા અને શિકાર કરવા બંનેમાં મદદ કરે છે.

# વડીયા પોલીસે ૭૨ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા

વડીયા,તા.૩૧

અમરેલી જિલ્લાના વડીયા-કુંકાવાવ તાલુકામાં કુંકાવાવ આઉટપોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે ૬ પેટી (૭૨ બોટલ) ઈંગ્લીશ દારૂ ઝડપી પાડવામાં આવ્યો છે. આ ઘટનામાં સંડોવાયેલા બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નવા જુના બાદલપુર બાજુથી વાવડીરોડ પરથી પસાર થતી એક ગ્રે કલરની સ્વિફ્ટ કાર (નંબરનો ઉલ્લેખ નથી)માં દારૂ હોવાની બાતમી વડીયા પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે વાહનોનું ચેકિંગ શરૂ કર્યું હતું. ચેકિંગ દરમિયાન, શંકાસ્પદ સ્વિફ્ટ કારને રોકાવી તેની તલાશી લેતા તેમાંથી ઈંગ્લીશ દારૂની ૭૨ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો અને કાર જપ્ત કરી હતી. આ કારમાં સવાર યુવરાજ મેણસીભાઈ ખવડ અને ઉદય જીલુભાઈ ભાભલા નામના બે યુવકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા વીડિયો કોન્ફરન્સથી જિલ્લાના ખેડૂતોને માર્ગદર્શન

અમરેલી,તા.૩૧

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અમરેલી જિલ્લા સહિતના કૃષિ સંલગ્ન અધિકારી અને કર્મચારીઓને પ્રાકૃતિક કૃષિ અભિયાનને તેજીથી આગળ વધારવા માટે માર્ગદર્શન આપ્યુ



હતું. રાજયપાલે પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામોની છણાવટ કરતા જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત કરાવવા અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે જરૂરી માર્કેટ મળી રહે તે સંદર્ભે પણ સૂચના આપી હતી. પ્રાકૃતિક કૃષિના અભિયાનને આગળ વધારવામાં સહભાગી બનેલા કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલાથી સોમનાથ: ૩૧મી પદયાત્રાનો ભક્તિભાવથી પ્રારંભ

સાવરકુંડલા,તા.૩૧

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સોમનાથ પદયાત્રા સંઘ – સાવરકુંડલા દ્વારા સોમનાથ મહાદેવ સુધીની ૩૧મી અવિરત પદયાત્રાનો પ્રારંભ થયો છે. આ પદયાત્રામાં અંદાજે ૭૦ થી ૮૦ પદયાત્રીઓ અને સ્વયંસેવકો ઉત્સાહભેર જોડાયા




છે. આ પદયાત્રા ૩૦ જુલાઈએ સાવરકુંડલાથી શરૂ થઈ, જે ૩ ઓગસ્ટે સોમનાથ મંદિરે દર્શન અને ધજા ચડાવવાના કાર્યક્રમ સાથે પૂર્ણ થશે. શૈલેષભાઈ જોશી, ચેતનભાઈ જોશી સહિતના શિવભક્તો છેલ્લા ૩૧ વર્ષથી આ સંઘનું આયોજન કરી યાત્રાળુઓને માર્ગદર્શન પૂરું પાડે છે. આ પદયાત્રામાં સાવરકુંડલા ઉપરાંત સુરત, મુંબઈ, અમદાવાદ જેવા મહાનગરોમાંથી પણ અનેક શ્રદ્ધાળુઓ જોડાયા હતા.







# અમરેલીમાં સ્વ. ગાયક મોહમ્મદ રફીની ૪૫મી પુણ્યતિથિ ઉજવાઈ

અમરેલી,તા.૩૧

અમરેલીમાં બોલીવૂડના સ્વ. ગાયક મોહમ્મદ રફીની ૪૫મી પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી. અમરેલીના વોઈસ ઓફ રફી- એજાજ નગરીયા (મેઘદૂત ફૂલહાર) તથા અન્ય કલાકારોએ સ્વર દ્વારા રફી સાહેબને શ્રદ્ધાંજલિ આપી હતી. આ તકે આયોજિત ખાસ કાર્યક્રમમાં અમરેલીના જાણીતા



ધારાશાસ્ત્રી અને બ્રહ્મસમાજના અગ્રણી ઉદયનભાઈ ત્રિવેદી, સામાજિક કાર્યકર હાલાભાઈ, ચંદ્રેશભાઈ ધોળકિયા (મધુવન આર્ટ) અને રિયાઝભાઈ વેરસિયા ફાઉન્ડર શેર એન્ડ કેર તેમ જ બહોળી સંખ્યામાં રફીના ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઉમેશભાઈ ચાવડાએ કર્યું હતું.

**નગરપાલિકાની બેદરકારીથી શહેરીજનોમાં ભારે રોષનો માહોલ**

# અમરેલીના જિલ્લા પંચાયત રોડ પર ગટરના ગંધાતા પાણી ફરી વળ્યા

અમરેલી,તા.૩૧





અમરેલી શહેરમાં ગટરના પાણીની સમસ્યાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં ગટરનું ગંદું પાણી રસ્તાઓ પર ફરી વળ્યું છે, જેના કારણે લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને, જિલ્લા પંચાયત રોડ પર ગટરના ગંધાતા પાણી ફરી વળતા વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જિલ્લા પંચાયત રોડ આરોગ્ય કચેરી તેમજ કલેકટર કચેરી સહિત તમામ કચેરીએ જવાનો માર્ગ છે જેથી આ માર્ગ પર અરજદારોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શાળાએ જતા બાળકોને પણ ગટરના ગંધાતા પાણીમાં ચાલવાની ફરજ પડે છે. આમ, શહેરમાં પાલિકાની બેદરકારીને કારણે શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે.

# અમરેલીથીબાબરાજતીએસ.ટી.બસો માટે કલેક્ટરે જાહેરનામુ બહાર પાડ્યું

અમરેલી,તા.૩૧

અમરેલીથી બાબરા રોડ પર નાના માચીયાળા નજીક ઠેબી નદી પરનો પુલ જર્જરીત હાલતમાં છે. અહીં ભારે વાહનો માટે વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. ત્યારે હવે આ પુલ પરથી એસટી બસો પણ પસાર થઈ શકશે નહી. અહીંથી પસાર થતી એસટી બસો માટે વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યો છે.

અમરેલીથી બાબરા રોડ પર આવેલા પુલની ખરાબ સ્થિતિના પગલે એસટી બસો માટે વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યો છે. આ પુલ પરથી એસટી બસોના પસાર થવા પર પ્રતિબંધ મુકતું અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. અમરેલીથી બાબરા અને બાબરાથી અમરેલી આવતી એસટી બસો હવે શેડુભાર ડેરી સાયન્સ રોડ પરથી પસાર થશે. અમરેલીથી બાબરા તરફ જતી એસટી બસોએ નાના માચીયાળા-મોટા માચીયાળા-શેડુભાર-ડેરી સાયન્સ કોલેજ રોડ પરથી પસાર થવાનું રહેશે. આ ઉપરાંત બાબરાથી અમરેલી તરફ જતી એસટી બસોએ ડેરી સાયન્સ કોલેજ-શેડુભાર-મોટા માચીયાળા-નાના માચીયાળા રોડ પરથી પસાર થવાનું રહેશે.

# વિજપડી: માધવ સેવા ટ્રસ્ટ દ્વારા ૧૨૪મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૧૨૫ દર્દીઓએ લાભ લીધો

વિજપડી,તા.૩૧



માધવ સેવા ટ્રસ્ટ દ્વારા વિજપડી લોહાણા મહાજનવાડી ખાતે રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટના સહયોગથી ૧૨૪મા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પના દાતા, માધવ સેવા ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ તથા સભ્યોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો. આ કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટર તથા તેમની ટીમ દ્વારા આંખની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૧૨૫ દર્દીઓએ આંખની તપાસનો લાભ લીધો હતો. તેમાંથી ૩૨ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાસ વાહન દ્વારા લઈ જવામાં આવ્યા. કેમ્પમાં આવતા તમામ દર્દીઓને ચા, પાણી તેમજ મોતિયાના ઓપરેશન કરાવનાર દર્દીઓને બપોરનું ભોજન સેવા મંડળ દ્વારા આપવામાં આવ્યું. આ તકે બહોળી સંખ્યામાં લોકોએ હાજર રહીને કેમ્પનો લાભ લીધો હતો. તેમજ, માધવ સેવા ટ્રસ્ટ દ્વારા ગામલોકોના સહકારથી આખા ગામમાં બધા વિસ્તારોમાં કૂતરાઓ તથા ગાયોને ચુરમાના લાડુ બનાવીને ખવડાવવામાં આવ્યા હતા. ગામ ઉપર વરુણદેવની સદાય કૃપા રહે અને વરસાદ-પાણી તેમજ વેપાર-ધંધા-રોજગાર સારા ચાલે તેવી ઈશ્વર પાસે પ્રાર્થના કરીને ધન્યતા અનુભવી હતી.

# કલેક્ટરના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠક મળી

અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરે અમરેલી જિલ્લાની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા કરતા વાહનચાલકોની સલામતી માટે સંબંધિત અધિકારીઓને જરુરી દિશાનિર્દેશ આપ્યા હતા. જિલ્લામાંથી પસાર થતાં તમામ માર્ગો અને તમામ સ્થળો તથા કોઝ-વે પર ચોમાસા દરમિયાન ઉપરથી પાણી પસાર થતું હોય ત્યાં પાણીની ઊંડાઈ દર્શાવતા સાઈન બોર્ડ મૂકવા તથા તમામ પ્રકારના કોઝ-વેમાં જ્યાં બેરિયર નથી ત્યાં બેરિયર લગાડવાની કામગીરી કરવા માટે કલેકટરે પંચાયત માર્ગ મકાનને દિશાનિર્દેશ આપ્યો હતો. વાહનચાલકોની સલામતી માટે અમરેલી જિલ્લાના વિવિધ રસ્તા પર આવશ્યકતા મુજબ જરુરી સૂચનાઓ સાથેના સાઈન બોર્ડ, સ્પીડ બ્રેકર, સ્પીડ લિમિટ દર્શાવતા બોર્ડ, રેડિયમ, માર્કિંગ પટ્ટા, બેરિયર લગાવવાની કામગીરીને નિયમિત રીતે કરવા માટે માર્ગ મકાન વિભાગ રાજ્ય, પંચાયત, નેશનલ હાઈવે રાજ્ય, ઓથોરિટી અને સંલગ્ન ડિવિઝનના અધિકારીઓને નિર્દેશ અપાયા હતા. તથા જિલ્લામાં વિવિધ સ્થળોએ પસાર થતાં માર્ગો પર આવેલી શાળાઓ પર તકેદારીના ભાગરુપે શાળાના નિશાન દર્શાવતા બોર્ડ મૂકવામાં આવી રહ્યા છે. અકસ્માતોના અહેવાલમાં અકસ્માતના લીધે થયેલા મૃત્યુમાં વાહનના પ્રકાર, ક્યા સત્તામંડળનો રસ્તો છે અને માર્ગની સ્થિતિની સમીક્ષા કરી વિસ્તૃત અહેવાલ તૈયાર કરવા માટે પણ સૂચના અપાઈ હતી.

**ગાલ પર બે થપ્પડ મારી**

# 'ધંધો કરવો હશે તો ૫૦૦૦ આપવા પડશે' કહી જાનથી મારવાની ધમકી આપી

**અમરેલી શહેરમાં બનાવ બન્યો**

અમરેલી, તા.૩૧

અમરેલી શહેરમાં રહેતા એક યુવકને 'તું અને તારો શેઠ કેમ ધંધો કરો છો અને હવે ધંધો કરવો હશે તો રૂ. ૫૦૦૦ આપવા પડશે' કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મોહમદ શાદાબ ઈર્શાદઅહેમદ શેખ (ઉ.વ.૨૭) એ ઈરફાનભાઈ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, આરોપી તેમની દુકાને ગાળો બોલતો હતો. જેથી ગાળો બોલવાની ના પાડતાં તેને સારું નહોતું લાગ્યું. તેણે ફરિયાદીને ગાલ પર બે ત્રણ લાફા માર્યા હતા. જે બાદ 'તું અને તારો શેઠ સાહીલ કેમ ધંધો કરો છો અને હવે ધંધો કરવો હોય તો રૂ. ૫૦૦૦ આપવા પડશે નહીંતર બંનેને જાનથી મારી નાંખીશ' તેવી ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મેહુલકુમાર વિનુભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**હાથમાં પહેરેલું કડું આંખ નીચે માર્યું**

# 'હવે પછી પૈસાની ઉઘરાણી કરતો નહીં' કહી જાનથી મારવાની ધમકી આપી

**બાંભણીયા-લાખાપાદર ગામ વચ્ચેની ઘટના**

વડીયા, તા.૩૧

વડીયાના લાખાપાદર ગામના એક યુવકને 'હવે પછી પૈસાની ઉઘરાણી કરતો નહીં' તેમ કહીને જાનથી મારવાની ધમકી આપી હતી. તેમજ હાથમાં પહેરેલું કડું આંખ નીચે મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે લાખાપાદર ગામના જયસુખભાઈ મગનભાઈ બુટાણી (ઉ.વ.૩૦)એ ઈશ્વરીયા ગામના મીઠાભાઈ દેવાભાઈ ગળીયા (ઉ.વ.૩૦) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ બોલેરો પીકઅપ લઈને બાંભણીયા મજૂર ભરવા જતા હતા. આરોપી માલઢોર ચરાવીને લાખાપાદર આવતા હતા. તેણે બોલેરો રોકીને 'મારે તમારી પાસે રૂપિયા ૧૬૦૦૦ લેવાના છે તે આપો તો સારૂં મારે જરૂરિયાત છે' તેવી વાત કરી હતી. જેથી આરોપીએ તેના હાથમાં પહેરેલું કડું આંખ નીચે મારીને ઈજા પહોંચાડી હતી તેમજ 'હવે પછી પૈસાની ઉઘરાણી કરી તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. જે બાદ મીઠાભાઈ દેવાભાઈ ગળીયા (ઉ.વ.૩૦)એ જયેશભાઈ બુટાણી સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ તેઓ માલઢોર ચરાવીને લાખાપાદર ગામ બાજુ આવતા હતા તે સમયે આરોપી બોલેરો લઈને નીકળ્યો હતો અને 'મારે તારી પાસે પૈસા લેવાના છે તે ક્યારે આપીશ' તેમ કહ્યું હતું. જેથી તેમણે 'હમણા પૈસા નથી થોડા સમય પછી આપી દઈશ' તેમ કહેતા ઉશ્કેરાઈને ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.પી. ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના હીમખીમડીપરામાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

**પોલીસે કુલ ૧૯,૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો**

ધારી, તા.૩૧

ધારીના હીમખીમડીપરામાંથી પોલીસે જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતાં ઈસમને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી રૂપિયા ૧૯,૧૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. રમેશભાઈ વલ્લભભાઈ સાતલીયા (ઉ.વ.૩૦) જાહેરમાં વરલી મટકાના આંક ફરકના આંકડા લખી વરલી મટકાનો જુગાર રમી રમાડતાં રેઈડ દરમિયાન વિવિધ આંકડાઓ લખેલી ૩ કાપલી, રોકડા ૨૫૫૦, એક મોબાઈલ મળી કુલ ૧૨,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે રમેશભાઈ મધુભાઈ ઈટોલીયા (ઉ.વ.૩૨) પાસેથી આંકડા લખેલી કાગળની કાપલી, રોકડા ૧૬૦૦, એક મોબાઈલ મળી કુલ ૬૬૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

પોલીસે બંને પાસેથી મળી કુલ ૧૯,૧૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જોરૂભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાથી મહુવા રેલવે ઓવરબ્રિજની કામગીરી બાબતે જાહેરનામુ બહાર પડાયું

અમરેલી,તા.૩૧

સાવરકુંડલાથી મહુવા તરફ જતા રસ્તા પર આવેલા રેલવે ફાટક નં. નં.૬૭/બી પર રેલવે ઓવરબ્રિજની કામગીરી હાથ ધરવામાં આવી છે. રેલવે ઓવરબ્રિજ પરથી પસાર થતાં ભારે, નાના અને મધ્યમ વાહનોએ વૈકલ્પિક રુટ અનુસરવો. અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગુજરાત પોલીસ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વૈકલ્પિક રુટ મુજબ અમરેલી હાઈવે તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ મહુવા-રાજુલા તરફ જતા-આવતા તથા મહુવા-રાજુલા તરફથી વાયા સાવરકુંડલા શહેર થઈ અમરેલી તરફ જતા-આવતા ભારે તથા મોટા વાહનોએ સાવરકુંડલા બાયપાસ રોડ પરથી પસાર થવું.









## અવસાન નોંધ

**રાજકોટ**

મે. અમરશી માધવજી ભાયાણી, તે શ્રી રાજેશકુમાર લક્ષ્મીદાસ ભાયાણીના બહેનશ્રી તથા રમણીકભાઈ જયંતિભાઈ આહ્યાના ભાણેજ મમતાબેન નરેન્દ્રકુમાર રાજાણી (ઉ.વ.૬૦) નું દુઃખદ અવસાન તા.૨૮/૦૭/૨૦૨૫, સોમવારના રોજ સુરત મુકામે થયેલ છે. તેમની સાદડી તા.૦૧/૦૮/૨૦૨૫, શુક્રવારે સાંજે ૪થી ૫ શ્રી સિધ્ધનાથ મહાદેવ, શ્રી રામપાર્ક મેઈન રોડ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 117

સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ગર્લ્સ સ્કૂલ પ્રવેશ

સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - મિશ્ર સ્કૂલ પ્રવેશ

સંકુલ ધો. ૧૧-૧૨ સાયંસ - ઈ.મી. સ્કૂલ પ્રવેશ

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ

સંકુલ ઓછી ફી - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૫૧/૨૦૨૫

અરજદાર : શ્રી શિયાળ ભુપતભાઈ છગનભાઈ
સરનામુ : મું.શિયાળબેટ, તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના શિયાળબેટ** ગામના **શ્રી શિયાળ ભુપતભાઈ છગનભાઈ** એ તેમના (૧) **પુત્રી નામે શ્રી અસ્મિતાબેન ભુપતભાઈ શિયાળનો જન્મ** તા.૧૫/૦૪/૨૦૧૦ (૨) **પુત્રી નામે શ્રી રવીના ભુપતભાઈ શિયાળનો જન્મ** તા.૦૫/૦૮/૨૦૧૨ (૩) **પુત્ર નામે શ્રી કિશન ભુપતભાઈ શિયાળનો જન્મ** તા.૨૧/૧૦/૨૦૧૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ. એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૬ માહે. જુન સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૬/૦૬/૨૦૨૫

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

# ધારાસભ્ય કસવાલાના પ્રયત્નોથી સા.કુંડલા-લીલીયાના પાંચ ગામમાં નવા પંચાયત બિલ્ડિંગ માટે રૂ. ૧.૫૯ કરોડ મંજૂર

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અથાગ પ્રયાસોથી બંને તાલુકાના પાંચ ગામોમાં અદ્યતન ગ્રામ પંચાયત કચેરીઓના નિર્માણ માટે કુલ ૧.૫૯ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. સાવરકુંડલા તાલુકાના ગાધકડા,



પીયાવા, વીજપડી અને લીલીયા તાલુકામાં મોટા લીલીયા અને આંબા ગામના ગ્રામજનોને આધુનિક સુવિધાઓથી સજ્જ પંચાયત ભવનોનો લાભ મળશે. અગાઉ આ બંને તાલુકાના ૨૧ ગામોમાં જેમાં સાવરકુંડલા તાલુકાના રામગઢ, નાના ભમોદ્રા, પીઠવડી, મીતીયાળા, વિજયાનગર, જુનાસાવર, કાનાતળાવ, સાકરપરા, સેંજળ, લુવારા, થોરડી, વીરડી, ઘનશ્યામનગર, હિપાવડલી, નાના જિંજુડા, દેતડ, જીરા, ધજડી, ગોરડકા અને લીલીયા તાલુકાના શેઢાવદરમાં અત્યાધુનિક ગ્રામ પંચાયત કચેરીઓના નિર્માણ માટે ૫.૫૦ કરોડ મંજૂર કરાવ્યા હતા. મહેશભાઈ કસવાલાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગ્રામ્ય કક્ષાએ સુશાસન અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે ગ્રામ પંચાયત ભવનોની ભૂમિકા અત્યંત મહત્વની છે.

# ગજેરા કેમ્પસની એમસીએ મહિલા કોલેજની સેમ-૨ની પરીક્ષામાં ઝળહળતી સિદ્ધિ

અમરેલી,તા.૩૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં MCA સેમ.- ૨ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં ગજેરા કેમ્પસ ખાતે અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત, સંચાલિત શ્રી એમ.



એલ. કાકડીયા મહિલા એમ. સી.એ. કોલેજે યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ટોપટેનમાં કોલેજની બે વિદ્યાર્થિનીઓ-ચૌહાણ કૃપાલી બી. યુનિ.માં આઠમું- ૯૫૫ SPI અને નાડોદા નેન્સી એ. યુનિ.માં નવમું-૯.૫૫ SPI પ્રાપ્ત કરેલ છે. આ સફળતા બદલ તમામ સ્ટાફ– સ્ટુડન્ટ્સ – રેન્કરને શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

**ગજેરા શૈક્ષણિક સંકુલ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા**

# સાવરકુંડલામાં એસટી ડેપોના ગેઈટ પાસે એસટીએ યુવકને ટક્કર મારી

સાવરકુંડલા, તા.૩૧

પોરબંદરમાં રહેતા વિનોદભાઈ ભાનુભારથી મેઘનાથી (ઉ.વ.૩૮)એ એસટી બસના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સાવરકુંડલામાં મહુવા રોડ પર એસટી ડેપોના ગેઈટ પાસે તેમના ભાઈ જગદીશભારથી એસટી ડેપોની અંદર જતા હતા તે દરમિયાન પાછળથી પૂરઝડપે અને બેફીકરાઈથી માનવ જિંદગી જોખમાય તે રીતે બસ ચલાવી ટક્કર મારી હતી. જેમાં તેમના ભાઈને પગમાં ઓપરેશન આવે તેવી ગંભીર ઈજા થઈ હતી. ટક્કર મારી એસટી ચાલક નાસી ગયો હતો.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અલ્ટ્રાટેક GCW CSR દ્વારા યુવા કૌશલ્ય દિવસની ઉજવણી: લોઠપુરમાં કરિયર કાઉન્સેલિંગ યોજાયું

કોવાયા,તા.૩૧

અલ્ટ્રાટેક GCWના CSR વિભાગ દ્વારા યુવાનો અને વિદ્યાર્થીઓને કૌશલ્ય અને શૈક્ષણિક બાબતોમાં પ્રોત્સાહન પૂરું પાડવાના ઉદ્દેશ્યથી વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે કરિયર કાઉન્સેલિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સરકારી માધ્યમિક શાળા, લોઠપુર ખાતે યોજાયો હતો. લોઠપુર માધ્યમિક શાળાના



તસવીર : સુમરા વાઘ

પ્રિન્સિપાલ રમેશભાઈના આયોજન હેઠળ, ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને BRC ટીમ તથા CSR ટીમ દ્વારા કારકિર્દી સંબંધિત વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સત્રમાં સરકાર દ્વારા ચાલતા સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ વિશે પણ જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત, ITI, સેવિંગ ટેકનોલોજી અને એગ્રીકલ્ચર જેવા વિષયો પર કૌશલ્ય પ્રાપ્ત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે (FH-HR) અજય વૈશમ્પાયન, સિક્યુરિટી એડમિન હેડ રીતોબન ચૌધરી, CSR ટીમ લીડ દેવેન્દ્ર સિંહ અને ઉધ્ધવી પરિખ તથા ઈશા દેસાઈનો સફળ પ્રયાસ રહ્યો હતો.

# લાઠી તાલુકાના આસોદર ગામેથી સગીરાનું લગ્નની લાલચે અપહરણ

**સગીરાના પિતાએ ચલાલાના યુવક સામે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવી**

લાઠી, તા.૩૧

લાઠી તાલુકાના આસોદર ગામે રહેતી એક સગીરાનું ચલાલાનો યુવક લગ્નની લાલચ આપી, બદકામના ઈરાદે અપહરણ કરીને લઈ ગયો હતો. બનાવ સંદર્ભે સગીરાના પિતાએ ચલાલામાં રહેતા કાર્તિકભાઈ વાલજીભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની સગીર પુત્રીને લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે લગ્ન કરવાની લાલચ આપી તેમના કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ. સોની વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરાપરા જૂથ સેવા સહકારી મંડળીની ચૂંટણી બિનહરીફ સંપન્ન

અમરાપરા, તા.૩૧

અમરાપરા જૂથ સેવા સહકારી મંડળીની નવી કાર્યકારી સમિતિની ચૂંટણી વર્ષ ૨૦૨૫ સંપૂર્ણ રીતે બિનહરીફ રહી હતી.

મંડળીના તમામ સભ્યો વચ્ચે રહેલા સુમેળ અને સહકારના ભાવથી આ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં થઈ હતી. મંડળીની ચૂંટણી પ્રક્રિયા માટે નિયુક્ત ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં ઉમેદવારોના નામ નોંધાયા બાદ




કોઈપણ ઉમેદવાર વિરુદ્ધમાં નામાંકન ન થતાં તમામ ઉમેદવારો વિવાદ વગર સર્વસંમતિથી ચૂંટાયા હતા. આ પ્રસંગે મંડળીના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ તમામ સભ્યોના સહયોગથી પારદર્શી અને જવાબદાર વહીવટના માધ્યમથી સંસ્થાને નવી ઊંચાઈઓ પર લઈ જવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

# લીલીયા અને નાનુડી ગામેથી મળી કુલ ૮ ખેલી ઝબ્બે

**રૂપિયા ૧૨ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે જગ્યાએથી ૮ જુગારી ઝડપીને ૧૨ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. લીલીયા ટાઉનમાં ગાયત્રી લોજ પાછળ બાવળની કાંટમાંથી કાળુભાઈ દેવશીભાઈ વાઘેલા, રાહુલભાઈ રમેશભાઈ વાઘેલા, કિશનભાઈ વિકુભાઈ વાઘેલા જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમતાં રેઈડ દરમિયાન રોકડા ૧૯૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. નાનુડી ગામેથી ભાવેશભાઈ ઉર્ફે મુન્નો કેશુભાઈ વડેચા, સંજયભાઈ લાખાભાઈ વડેચા, ગભરૂભાઈ જાગાભાઈ ચાવડા, બાબુભાઈ ઉર્ફે ભુપતભાઈ લાખાભાઈ વડેચા, જગદીશભાઈ કાબાભાઈ મારુ ગંજીપત્તાના પાના વડે હારજીતનો જુગાર રમતાં રોકડા ૧૦,૧૮૦ સાથે ઝડપાયા હતા.

# વાવડી ગામે નવા-જુના બાદલપુર રોડ પાસે ફોરવ્હીલમાંથી દારૂની ૬ પેટી ઝડપાઈ

અમરેલી, તા. ૩૧

વાવડી ગામે નવા-જુના બાદલપુર રોડ પાસેથી પોલીસે દારૂની ૬ પેટી જપ્ત કરી હતી. બોટાદના મોટા છૈડા ગામે રહેતા યુવરાજભાઈ માણશીભાઈ ખવડ તથા સુરેન્દ્રનગરના ભાણેજડા ગામના ઉદયભાઈ જીલુભાઈ ભાંભળા પોતાના હવાલાની કાર લઈને જતા હતા ત્યારે ઉપરોક્ત સ્થળે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૬ પેટી મળી આવી હતી. પોલીસે ૯૩,૬૦૦ રૂપિયાનો દારૂ, કાર, બે મોબાઈલ મળી કુલ રૂ.૨,૫૫,૬૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમણે આ દારૂ સુરેન્દ્રનગરના સાયલાના સુદામડા ગામના દશરથસિંહ ચંદુભા ઝાલા પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. બાંટવા દેવળી ગામથી એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂને પ્લાસ્ટિકની પાણીની લુઝ બોટલમાં લઈ જતા મળ્યો હતો. બરવાળા બાવળ ગામેથી એક યુવક પાસેથી દારૂની બોટલ મળી હતી. જિલ્લામાં બે મહિલા સહિત ત્રણ લોકો પાસેથી ૬ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય ૧૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા. ૦૧-૦૮-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૪૨,
સૂર્યાસ્ત-૦૭:૧૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૦૧-૦૮-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો.

વૃષભ: આજે દરેક બાબતમાં તમારે થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો.

મિથુન: આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. કોઈ પણ કાર્ય કાળજીથી કરો.

કર્ક: આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે.

સિંહ: આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે.

કન્યા: આજે તમારો દિવસ છે તે શુભ છે અને જો તમને ગ્રહોની શુભ દશા મળશે તો કાર્યો સફળ થશે. આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે.

તુલા: આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે.

વૃશ્ચિક: આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે.

ધન: આજે તમારી રાશિ પર ગ્રહોની ખાસ કૃપા છે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે.

મકર: આજે તમને કોઈ સારા સમાચાર મળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે.

મીન: આજે પૈસા વધુ ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે અને ભવિષ્ય માટે પૈસા બચાવવાની જરૂર છે.

# નારીવંદન સપ્તાહ: અમરેલીમાં ૧લી ઓગસ્ટથી મહિલા સશક્તિકરણના કાર્યક્રમો યોજાશે

**મહિલા સુરક્ષા, સ્વાવલંબન અને સ્વાસ્થ્ય પર ભાર મૂકાશે, વિવિધ થીમ આધારિત દિવસોની ઉજવણી**

અમરેલી, તા.૩૧

અમરેલી જિલ્લામાં આગામી ૧લી ઓગસ્ટથી નારી વંદન સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી થવા જઈ રહી છે. આ સમગ્ર સપ્તાહ દરમિયાન મહિલા સશક્તિકરણલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન બને તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે હેતુથી આ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. મહિલાઓના સર્વાંગી વિકાસ, સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય સહિતના મહત્વના પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરીને મહિલાઓ વિવિધ ક્ષેત્રોમાં સક્ષમ બને તે સુનિશ્ચિત કરવાનો આ સપ્તાહનો મુખ્ય ઉદ્દેશ છે. આ સપ્તાહ દરમિયાન દરરોજ એક વિશિષ્ટ થીમ પર કાર્યક્રમો યોજાશે. જેમાં, ૧ ઓગસ્ટે મહિલા સુરક્ષા દિવસ, ૨ ઓગસ્ટે બેટી બચાવો બેટી પઢાવો દિવસ, ૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, ૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ, ૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, ૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ અને ૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# સા.કુંડલાના એએસપી વલય વૈદ્યે શાળાની કરી મુલાકાત

સાવરકુંડલા તા. ૩૧



સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલ છેવાડાના વિસ્તારોમાં ગરીબ બાળકોને વિનામૂલ્યે શિક્ષણ આપતાં ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતાં વિનામૂલ્યે શિક્ષણ સેવાની સાવરકુંડલા એએસપી વલય વૈદ્યએ મુલાકાત લીધી હતી. તેમણે આ બાળકો સાથે શૈક્ષણિક વાતો ઉપરાંત જીવનમૂલ્યોને સ્પર્શતી પ્રેરણાદાયી વાતો પણ શેર કરી હતી. આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ નિહાળી સંસ્થાના ધારાબેન ગોહિલ સહિત તેની ટીમને અભિનંદન પણ પાઠવી આવા સમાજ સેવાના કાર્યને બિરદાવ્યું હતું.

**બગસરાના સમઢીયાળા ગામનો બનાવ**

# ભાગીયું રાખી ખેતી કરતાં ખેડૂતને જાનથી મારવાની ધમકી આપી

**ખેતીકામ કરવાનું મનદુઃખ રાખી માર માર્યો**

બગસરા, તા.૩૧

બગસરાના સમઢીયાળા ગામની સીમમાં ભાગીયું રાખી ખેતીકામ કરતા ખેડૂતને ફટકારીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે મૂળ ગીર સોમનાથના રસુલપુરા (ગીર) ગામના અને હાલ સમઢીયાળા ગામે રહેતા હારૂનભાઈ ઉકાભાઈ મોરી (ઉ.વ.૪૯) એ રાહુલભાઈ, હસમુખભાઈ ગઢીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ, તેઓ જીવરાજભાઈ ગઢીયાની જમીનમાં ભાગીયું રાખીને ખેતીકામ કરતા હતા. જેનું મનદુઃખ રાખી તેઓ વાડીમાં ખેતીકામ કરીને શેઢે ગયા ત્યારે આરોપીએ આવી મુંઢમાર માર્યો હતો.

તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

**લોનકોટડા ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

# પ્લાન્ટમાં ઘાસ કાપવાના કોન્ટ્રાક્ટના મનદુઃખમાં યુવકને મારી નાખવાની ધમકી આપી હુમલો કર્યો

**થોરખાણ ગામની બહાર નોંઘણવદર જવાના રસ્તે બનાવ બન્યો**

બાબરા, તા.૩૧

બાબરાના થોરખાણ ગામની બહાર નોંઘણવદર ગામે જવાના રસ્તે સોલાર પ્લાન્ટમાં ઘાસ કાપવાના કોન્ટ્રાક્ટનું મનદુઃખ રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે લોનકોટડા ગામના શીવરાજભાઈ ભાણકુભાઈ બસીયા (ઉ.વ.૩૬)એ નોંઘણવદર ગામના સુરેશ મુકેશ જેબલીયા, યુવરાજ પુંજાભાઈ જેબલીયા તથા રણજીત ઉનડભાઈ જેબલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓને પવનચક્કીના સોલાર પ્લાન્ટમાં આવેલ ઘાસ કાપવાનો કોન્ટ્રાકટ જોઈતો હતો. જેનું મનદુઃખ રાખી ગાળો આપી લોખંડના પાઈપનો એક ઘા માર્યો હતો.

ઉપરાંત ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે. એમ. ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# અંતરીક્ષમાં રાષ્ટ્રની નવી ઉડાન

ગુજરાતમાં અમદાવાદમાં ઈસરોનું મથક આવેલું છે જ્યાં સેટેલાઈટના નિર્માણ સહિતની કામગીરી થઈ છે. પરંતુ હવે સૌરાષ્ટ્રમાં પણ ઈસરોનું જબરજસ્ત મથક બની રહ્યું છે. આપણા સૌ માટે ગૌરવની વાત છે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા, જેને આપણે ઈસરો (ISRO) કહીએ છીએ, તે ગુજરાતમાં એક નવું અને મોટું અવકાશ મથક બનાવવા જઈ રહ્યું છે. આ મથક દીવ અને વેરાવળ વચ્ચે બનશે અને તે શ્રીહરિકોટા પછી દેશનું બીજું સૌથી મોટું અવકાશ મથક હશે. આ પ્રોજેક્ટ માટે લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને તેની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ સમાચાર માત્ર ગુજરાત માટે જ નહીં, પણ આખા ભારત માટે ખૂબ જ મહત્વના છે. તમને કદાચ પ્રશ્ન થશે કે ઈસરોએ ગુજરાતને જ કેમ પસંદ કર્યું? તેનું એક મોટું કારણ છે - ભૌગોલિક સ્થાન. ગુજરાતની દરિયાઈ પટ્ટી વિષુવવૃત્ત (Equatro) ની નજીક છે. અવકાશમાં રોકેટ છોડવા માટે આ જગ્યા ખૂબ જ ફાયદાકારક છે. વિષુવવૃત્તની નજીકથી રોકેટ છોડવાથી ઓછું ઈંધણ વપરાય છે અને ઉપગ્રહને તેની કક્ષામાં મૂકવો સરળ બને છે. આનાથી ખર્ચમાં પણ ઘટાડો થાય છે અને મિશન વધુ સફળ બને છે. આ નવા મથકથી SSLV (Small Satellite Launch Vehicle) અને PSLV (Polar Satellite Launch Vehicle) જેવા રોકેટ છોડવામાં આવશે. આનો સીધો અર્થ એ થાય છે કે ભારત નાના અને મોટા ઉપગ્રહોને અવકાશમાં મોકલવાની ક્ષમતામાં વધુ મજબૂત બનશે. અત્યાર સુધી આપણે મોટે ભાગે શ્રીહરિકોટા પર આધાર રાખતા હતા, પરંતુ હવે ગુજરાતમાં આ બીજું મોટું કેન્દ્ર બનવાથી આપણી અવકાશ પ્રવૃત્તિઓમાં ઝડપ આવશે અને એક સ્થળ પરની નિર્ભરતા ઘટશે. આના કારણે આર્થિક વિકાસ અને રોજગારની નવી તકો ઊભી થશે ખાસ કરીને ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી પંથકના વિસ્તારમાં વિકાસનો સૂરજ ઉગશે. અહીંના સ્થાનિક લોકોને રોજગારી મળશે. માત્ર સૌરાષ્ટ્ર માટે જ નહીં પરંતુ રાષ્ટ્ર માટે ગૌરવની વાત છે. આની પાછળ ખૂબ મોટું મૂડીરોકાણ થશેઉ પ્રાથમિક અંદાજ મુજબ૧૦ હજાર કરોડ રૂપિયાનું આ રોકાણ ગુજરાતમાં થવાનું છે. આર્થિક વિકાસ માટે આ એક મોટી તક છે. આનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હજારોની સંખ્યામાં નવી નોકરીઓ ઊભી થશે. મથકના નિર્માણથી માંડીને રોકેટ અને ઉપગ્રહોના ઉત્પાદન સુધી, અનેક ક્ષેત્રોમાં રોજગારીની તકો વધશે. આ અવકાશ મથક કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી (PPP મોડેલ) વિકસાવવામાં આવશે. આનો અર્થ એ કે ખાનગી કંપનીઓ અને ઉદ્યોગોને પણ આ પ્રોજેક્ટમાં ભાગ લેવાની તક મળશે. સ્થાનિક ઉદ્યોગો અને નાના વેપારીઓ માટે પણ કામ કરવાની તકો ઊભી થશે. આનાથી ગુજરાતમાં સ્પેસ-ટેક ઈકોસિસ્ટમ (અવકાશ ટેકનોલોજી સંબંધિત વ્યવસાયો અને સંસ્થાઓનું વાતાવરણ) વિકસિત થશે, જે લાંબા ગાળે રાજ્ય અને દેશને ફાયદો કરાવશે. ગુજરાત સરકારે કેન્દ્ર સરકારના અવકાશ ક્ષેત્રના વિઝન સાથે સુસંગત એવી એક ખાસ અવકાશ મિશન નીતિ પણ બનાવી છે. આ નીતિનો હેતુ ભારતના અવકાશ ક્ષેત્રમાં ગુજરાતની ભૂમિકાને વધુ મજબૂત કરવાનો છે. એક મહત્વપૂર્ણ માહિતી મુજબ, ભારત એપ્રિલ ૨૦૨૬ સુધીમાં જાસૂસી અને દેખરેખ માટે ૫૨ ઉપગ્રહોમાંથી પહેલો ઉપગ્રહ છોડવાની યોજના ધરાવે છે. આમાંથી ૩૧ ઉપગ્રહો ઈસરો બનાવશે અને છોડશે, જ્યારે બાકીના ૨૧ ઉપગ્રહો ખાનગી કંપનીઓ દ્વારા સરકારના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવશે. ૨૦૨૯ સુધીમાં આખું નેટવર્ક તૈયાર કરવાનું લક્ષ્ય છે.

# ગાઝાના ભૂખ્યા બાળકોના રુદનનો અવાજ સમગ્ર વિશ્વમાં ગુંજી રહ્યો છે

ગાઝામાં ભયંકર નરસંહાર થઈ રહ્યો છે. યુદ્ધની ભયાનક વાસ્તવિકતા કાળજું કંપાવે તેવી છે. જ્યારે પણ યુદ્ધ થાય છે, ત્યારે સૌથી મોટી અસર સામાન્ય નાગરિકો પર થાય છે. જેનો કોઈ વાંક-ગુનો નથી તેવા નવજાત બાળકો પણ આ ભયાનક યુદ્ધનો ભોગ બન્યા છે. લાખો બાળકો આજે ભૂખે મરી રહ્યા છે. હાલમાં ગાઝામાં ચાલી રહેલા યુદ્ધમાં પણ કંઈક આવું જ બની રહ્યુ છે. જ્યાં "નરસંહાર" શબ્દનો ઉપયોગ પરિસ્થિતિની ભયાનકતા દર્શાવવા માટે થઈ રહ્યો છે. "નરસંહાર" (Genocide) શબ્દનો સામાન્ય અર્થ થાય છે માનવ સમુદાયના એક મોટા હિસ્સાનો ઈરાદાપૂર્વક નાશ કરવો. આમાં ફક્ત હત્યાઓ જ નહીં, પરંતુ એવા કાર્યો પણ સામેલ હોય છે જે કોઈ ચોક્કસ સમુદાયને શારીરિક રીતે કે માનસિક રીતે ખતમ કરવાના ઈરાદે કરવામાં આવે છે. આમાં મોટા પાયે હત્યાઓ, ગંભીર શારીરિક કે માનસિક નુકસાન પહોંચાડવું, જીવનની પરિસ્થિતિઓ એટલી ખરાબ બનાવી દેવી કે તેમનું અસ્તિત્વ જ જોખમાય અને બાળકોને બળજબરીથી અલગ કરવા જેવા કૃત્યોનો સમાવેશ થાય છે. ગાઝા એ એક નાનો, ગીચ વસ્તીવાળો પ્રદેશ છે જ્યાં લાખો પેલેસ્ટાઈની લોકો રહે છે. ઓક્ટોબર ૨૦૨૩ થી, ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના સંઘર્ષે આ વિસ્તારને યુદ્ધભૂમિમાં ફેરવી દીધો છે. આ સંઘર્ષમાં ગાઝામાં જે પરિસ્થિતિ સર્જાઈ છે, તેને કેટલાક લોકો નરસંહાર તરીકે વર્ણવી રહ્યા છે. વિશાળ પાયા પર જાનહાનિ થઈ છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી, ગાઝામાં હજારો નિર્દોષ નાગરિકોના મોત થયા છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. બોમ્બમારા અને હુમલાઓમાં આખેઆખા પરિવારો ખતમ થઈ ગયા છે. ગાઝાના મોટા ભાગના વિસ્તારો ખંડેર બની ગયા છે. રહેઠાણો, શાળાઓ, હોસ્પિટલો અને પૂજા સ્થળોનો નાશ થયો છે. લાખો લોકો પોતાના ઘરો છોડીને સુરક્ષિત આશ્રયસ્થાનો શોધવા મજબૂર બન્યા છે, અને તેઓએ ઘણીવાર ખુલ્લામાં કે કામચલાઉ શિબિરોમાં આશરો લીધો છે. માનવીય કટોકટી છે. ગાઝામાં ભોજન, પાણી, દવાઓ અને વીજળીની ભયંકર અછત છે. ઈઝરાયેલ દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો અને યુદ્ધના કારણે રાહત સામગ્રી પહોંચાડવામાં મોટી મુશ્કેલી પડી રહી છે. આના કારણે લોકો ભૂખમરા, રોગચાળા અને ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જે તેમના જીવનને સીધો ખતરો છે. આરોગ્ય સેવાઓ માટે ગાઝાની હોસ્પિટલો કાં તો નાશ પામી છે અથવા કાર્યરત નથી. જે થોડી હોસ્પિટલો ચાલુ છે, તે પણ દવાઓ, સાધનો અને સ્ટાફની ભયંકર અછતનો સામનો કરી રહી છે. ઘાયલોને પૂરતી સારવાર મળતી નથી અને ઓપરેશન પણ મુશ્કેલ બન્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા કરવામાં આવી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર (UN) અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ગાઝામાં માનવાધિકારોના ભયંકર ઉલ્લંઘન અને માનવતાવાદી કટોકટી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. દક્ષિણ આફ્રિકા જેવા કેટલાક દેશોએ તો ઈઝરાયેલ સામે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (ICJ) માં નરસંહારનો આરોપ મૂકી કેસ પણ દાખલ કર્યો છે, જોકે ઈઝરાયેલ આ આરોપોને નકારે છે.

જે લોકો ગાઝામાં નરસંહારનો આરોપ મૂકે છે, તેઓ દલીલ કરે છે કે ઈઝરાયેલની કાર્યવાહી માત્ર હમાસ સામે નથી, પરંતુ તેમાં ગાઝાના સામાન્ય નાગરિકોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તેઓ દર્શાવે છે કેઃ મોટી સંખ્યામાં નાગરિકોના મોત થયા છે. તે હકીકત છે. ગાઝાની વસ્તીને વિસ્થાપિત કરવી અને તેમને ભોજન-પાણી જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવા એ અમાનવીય કાર્ય છે. ગાઝાને રહેવાલાયક ન રાખવા દેવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કરવામાં આવ્યો. આ આરોપોનો મુખ્ય આધાર એ દલીલ છે કે ઈઝરાયેલની ક્રિયાઓનો ઉદ્દેશ્ય માત્ર હમાસને ખતમ કરવાનો નથી, પરંતુ ગાઝામાં પેલેસ્ટાઈની લોકોના સમુદાયને મોટા પાયે નુકસાન પહોંચાડવાનો છે, જે નરસંહારની વ્યાખ્યામાં આવી શકે છે. ગાઝામાં જે કંઈ થઈ રહ્યું છે તે ખરેખર હૃદયદ્રાવક છે. લાખો લોકો ભયાનક પરિસ્થિતિમાં જીવી



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

રહ્યા છે અને તેમના પર યુદ્ધનો ભયંકર બોજ પડ્યો છે. "નરસંહાર" શબ્દનો ઉપયોગ થવો એ દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે આ પરિસ્થિતિને કેટલી ગંભીરતાથી જોવામાં આવે છે. આશા રાખીએ કે આ સંઘર્ષનો જલ્દી અંત આવે અને ગાઝાના લોકોને શાંતિ અને સુરક્ષા મળે. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર આંતરરાષ્ટ્રીય દબાણ વધી રહ્યું છે. સોમવારે, નેધરલેન્ડ્સે ઈઝરાયલી રાજદૂતને બોલાવ્યા. ગાઝામાં બગડતી પરિસ્થિતિ વચ્ચે, નેધરલેન્ડના વિદેશ પ્રધાન કાસ્પર ફેલ્ડકેમ્પે પણ સોમવારે રાત્રે ઈઝરાયલને એક પત્ર લખ્યો હતો. તેમાં ઈઝરાયલી બે મંત્રીઓ પર મુસાફરી પ્રતિબંધ અંગેની માહિતી સાથે અન્ય પગલાંની વિગતો પણ હતી. પત્રમાં સ્પષ્ટપણે લખ્યું છે કે, "ગાઝામાં યુદ્ધ બંધ થવું જોઈએ." નેધરલેન્ડ્સે ઈઝરાયલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામાર બેન-ગ્વીર અને નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિશ પર મુસાફરી પ્રતિબંધ લાદ્યો છે. આ બંને નેતાઓ ખૂબ જ જમણેરી છે અને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ગઠબંધન સરકારમાં મજબૂત ભાગીદાર છે. આ બંને ઈઝરાયલી વસાહતોનો વિસ્તાર કરવા અને ગાઝામાં યુદ્ધ ચાલુ રાખવાના અભિયાનના મજબૂત સમર્થક છે. ગયા મહિને, જૂનમાં, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ અને નોર્વેએ પણ આ બંને નેતાઓ પર આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા.યુરોપિયન યુનિયનના વિદેશ પ્રધાનો ૩૧ જુલાઈની સાંજે ઈઝરાયલ નીતિ પર EU ની બેઠક યોજાશે તેમાં હાજર રહેશે.ગત મંગળવારે સાંજે બ્રસેલ્સમાં EU મુખ્યાલયમાં EU નેતાઓની પણ મુલાકાત થવાની છે. આમાં, ઈઝરાયલ પ્રત્યે યુરોપિયન યુનિયનના પ્રતિભાવની ચર્ચા કરવામાં આવશે. યુરોપિયન યુનિયનના ઈઝરાયલ સાથેના વેપાર કરારની સમીક્ષા પણ બેઠકના એજન્ડામાં છે. નેધરલેન્ડ્સ ઈચ્છે છે કે ઈઝરાયલ સાથેના વેપાર કરારના કેટલાક ભાગોને સ્થગિત કરવામાં આવે.દરમિયાન, વિશ્વના ઘણા મોટા અને પ્રભાવશાળી દેશોએ હવે ઈઝરાયલ અને અમેરિકાની નારાજગીને ધ્યાનમાં લીધા વિના, મધ્ય પૂર્વમાં બે-રાષ્ટ્ર ઉકેલને ખુલ્લેઆમ સમર્થન આપવાનું શરૂ કર્યું છે. ગાઝા, પેલેસ્ટાઈનમાં દુષ્કાળ જેવી સ્થિતિ છે. વધતા દબાણ વચ્ચે, ઈઝરાયલી મંત્રીઓ બેન-ગ્વીર અને સ્મોટ્રિશ હજુ પણ તેમના વલણ પર અડગ છે. બંને નેતાઓ યુરોપ પર પણ કટાક્ષ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં, સ્મોટ્રિશે કહ્યું કે યુરોપિયન નેતાઓ "કટ્ટરપંથી ઈસ્લામના જૂઠાણા" સામે શરણાગતિ સ્વીકારી રહ્યા છે. બેન-ગ્વિરે આરોપ લગાવ્યો હતો કે યુરોપમાં "ઈઝરાયલનો યહૂદી મંત્રી અનિચ્છનીય છે, આતંકવાદીઓ મુક્ત છે અને યહૂદીઓનો બહિષ્કાર કરવામાં આવે છે." ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યો ત્યારથી ઈઝરાયલ ગાઝામાં હમાસ સાથે યુદ્ધમાં છે. પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી, આ યુદ્ધ ગાઝાના સંપૂર્ણ વિસ્તારમાં ફેરવાઈ ગયું છે. ઘણા દેશો અને સંગઠનો ઈઝરાયલ પર ગાઝામાં દુષ્કાળ જેવી સ્થિતિ પેદા કરવાનો આરોપ લગાવી રહ્યા છે. તાજેતરના મહિનાઓમાં આના ઘણા પુરાવા પણ સામે આવ્યા છે. ઈઝરાયલ સતત દાવો કરે છે કે હમાસ ગાઝામાં પેલેસ્ટિનિયનો સુધી રાહત પુરવઠો પહોંચતો અટકાવી રહ્યું છે અને તેના લડવૈયાઓ આવી સહાય લૂંટી રહ્યા છે. યુએનએ ઈઝરાયલી વ્યવસ્થિત લૂંટના દાવાઓને નકારી કાઢ્યા છે. ગાઝામાંથી આવા ઘણા વીડિયો આવી રહ્યા છે જેમાં બાળકો ભૂખમરાને કારણે જીવંત હાડપિંજર જેવા દેખાય છે. યુદ્ધથી બરબાદ થયેલા વિસ્તારમાં, દરરોજ લોકો ખોરાક માટે એકબીજા પર ચઢતા જોવા મળે છે. આવા પુરાવા સામે આવ્યા પછી, ઘણી યુરોપિયન સરકારો પર પણ દબાણ વધી રહ્યું છે. ઓક્ટોબરમાં નેધરલેન્ડ્સમાં ચૂંટણી યોજાવાની છે. ગયા અઠવાડિયે, ગાઝામાં ભૂખમરા સામે હજારો લોકોએ દેશના અનેક ભાગોમાં વિશાળ પ્રદર્શનો કર્યા હતા. ઈઝરાયલ પર ગાઝામાં હોસ્પિટલોને ઈરાદાપૂર્વક નિશાન બનાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. સોમવારે જેરુસલેમમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ઈઝરાયલી સરકાર પર નરસંહારનો આરોપ લગાવતા બે ઈઝરાયલી માનવાધિકાર NGO, બેથસેલેમ અને ફિઝિશિયન્સ ફોર હ્યુમન રાઈટ્સે આરોપ લગાવ્યો હતો. આ બે સંગઠનોના અહેવાલો કહે છે કે ઈઝરાયલ "વ્યવસ્થિત રીતે અને ઈરાદાપૂર્વક ગાઝા પટ્ટીમાં પેલેસ્ટિનિયન સમાજનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે." "આજે અમે જે રિપોર્ટ બહાર પાડી રહ્યા છીએ તે અમે ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે અમે લખીશું," બેથ ત્સેલેમના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર યુલી નોવાકે જણાવ્યું. "ગાઝાના લોકોએ વિસ્થાપન, બોમ્બમારો, ભૂખમરો અને તેમના માનવ અધિકારોનો સંપૂર્ણ ઈનકાર સહન કર્યો છે."ફિઝિશિયન્સ ફોર હ્યુમન રાઈટ્સે ગાઝામાં તબીબી સેવાઓ પર ઈઝરાયલના કડક પગલાં તરફ ધ્યાન દોરતા કહ્યુંઃ "ગાઝાના આરોગ્ય માળખાને નષ્ટ કરવાની ઈઝરાયલની ક્રિયાઓ ઈરાદાપૂર્વક અને વ્યવસ્થિત રહી છે." ઈઝરાયલી વડાપ્રધાન નેતન્યાહૂએ અત્યાર સુધી નરસંહારના આરોપોની સખત નિંદા કરી છે. તે વારંવાર ઈઝરાયલના સ્વ-બચાવના અધિકારનો ઉલ્લેખ કરે છે. ઈઝરાયલી સરકારના પ્રવક્તાએ બે એનજીઓના તાજેતરના અહેવાલોને "પાયાવિહોણા" ગણાવ્યા. વિશ્વના મોટા નેતાઓના અહંકારને કારણે લાખો લોકો મોતને ભેટ્યા છે અને ગણી ન શકાય તેટલા માસુમ બાળકો અને સ્ત્રીઓ ભૂખે મરી રહ્યા છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૩૦ | ૧૬૮૫ |
| ઘઉં લોકવન | ૪૯૯ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૭૬૫ |
| જુવાર લાલ | ૫૦૦ | ૬૭૦ |
| જુવાર પીળી | ૩૦૦ | ૪૪૦ |
| બાજરી | ૩૧૫ | ૪૬૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૪ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૨૦૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૨૨૨ |
| અડદ | ૧૨૨૦ | ૧૪૯૦ |
| મગ | ૧૩૦૧ | ૧૬૧૧ |
| વાલ દેશી | ૮૦૫ | ૧૨૪૦ |
| ચોળી | ૯૦૦ | ૧૪૭૫ |
| મઠ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૦૭૫ | ૨૫૩૦ |
| કળથી | ૫૪૦ | ૭૫૦ |
| રાજમા | ૯૫૦ | ૧૨૭૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૭૮ |
| મગફળી જીણી | ૯૧૦ | ૧૧૬૦ |
| તલી | ૧૪૭૮ | ૨૦૦૬ |
| સુરજમુખી | ૧૩૨૫ | ૧૩૨૫ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૮૩ |
| અજમો | ૯૫૦ | ૧૭૦૦ |
| સુવા | ૧૦૧૦ | ૧૫૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૨૯૧૫ | ૩૯૬૪ |
| લસણ | ૪૫૦ | ૮૮૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૪૪૫ |
| ધાણી | ૧૩૨૧ | ૧૪૬૭ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૨૫ |
| જીરૂ | ૩૩૬૪ | ૩૫૮૫ |
| રાય | ૧૨૦૦ | ૧૫૨૦ |
| મેથી | ૮૧૦ | ૧૨૪૦ |
| ઇસબગુલ | ૧૦૦૧ | ૧૮૨૫ |
| કલોંજી | ૨૮૦૦ | ૪૦૫૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૭૫ |
| રજકાનું બી | ૪૭૦૦ | ૬૦૫૦ |
| ગુવારનું બી | ૮૭૫ | ૮૭૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| પપૈયા | ૧૫૦ | ૨૩૦ |
| બટેટા | ૧૪૦ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૧૦૫ | ૩૧૦ |
| ટમેટા | ૫૮૦ | ૧૦૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૩૮૦ |
| કોથમરી | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૬૦ |
| રીંગણા | ૮૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૬૦ | ૪૧૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૮૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૨૦ |
| કારેલા | ૧૦૦ | ૨૪૦ |
| સરગવો | ૨૫૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૫૦ |
| કંટોળા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| બીટ | ૨૫૦ | ૫૩૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૪૫૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૩૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૯૫૧ | ૧૬૬૬ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૫૪૩ | ૬૦૮ |
| મગફળી જીણી | ૭૧૧ | ૧૨૧૧ |
| સિંગદાણા જાડા | ૧૨૦૧ | ૧૪૬૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૯૭૬ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૮૦૧ | ૩૬૬૧ |
| કલંજી | ૭૦૧ | ૪૧૨૧ |
| વરીયાળી | ૧૦૪૧ | ૧૧૩૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૧૬ |
| લસણ સુકું | ૪૯૧ | ૯૫૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૨૬૬ |
| અડદ | ૯૨૬ | ૧૫૨૧ |
| તુવેર | ૧૦૪૧ | ૧૨૯૧ |
| રાયડો | ૧૦૦૧ | ૧૨૨૧ |
| રાય | ૧૨૦૧ | ૧૪૪૧ |
| મેથી | ૫૯૧ | ૯૭૧ |
| કાંગ | ૩૦૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૧૬ | ૧૨૧૧ |
| સફેદ ચણા | ૧૧૭૬ | ૨૧૪૧ |
| મગફળી નવી | ૫૪૬ | ૧૦૨૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ડુંગળી સફેદ | ૯૬ | ૧૪૬ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| જુવાર | ૪૫૧ | ૭૫૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૫૧ |
| મગ | ૧૧૫૧ | ૧૬૮૧ |
| ચણા | ૧૦૪૧ | ૧૨૦૧ |
| વાલ | ૭૫૦ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૧૨૩૧ |
| સોયાબીન | ૬૯૧ | ૯૦૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૩૧ |
| **ગોંડલ-શાકભાજી** | | |
| ટમેટા | ૪૬૦ | ૧૨૦૦ |
| મરચા | ૧૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| કાકડી | ૪૦ | ૩૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૩૦૦ |
| ગાજર | ૩૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| ચૂરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ફ્રુટ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૯ | ૧૫ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૧૦૦ | ૭૦૦ |
| કારેલા | ૧૦૦ | ૪૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૮૦ | ૮૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૨૦૦ |
| ફણશી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૩ | ૬ |
| જામફળ | ૪૦૦ | ૮૦૦ |
| દાડમ | ૫૦૦ | ૧૪૦૦ |
| સફરજન | ૧૨૦૦ | ૨૬૦૦ |
| ચીકુ | ૩૦૦ | ૮૦૦ |
| કેળા | ૪૦૦ | ૬૦૦ |
| કમલમ | ૬૦૦ | ૧૭૦૦ |
| ગુલાબ | ૬૦૦ | ૧૮૦૦ |
| નાશપતી | ૪૦૦ | ૭૦૦ |
| આલુચા | ૬૦૦ | ૧૫૦૦ |
| ખારેક | ૪૦૦ | ૧૪૦૦ |
| તોતાપુરી કેરી | ૪૦૦ | ૭૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૩૨ | ૧૦૩૫ |
| શિંગ મોટી | ૧૦૪૧ | ૧૧૦૦ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૪૭૬ |
| શિંગ ફાડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| તલ સફેદ | ૧૦૪૦ | ૨૦૬૨ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૯૮૦ |
| તલ કાશ્મીરી | ૧૭૦૦ | ૨૩૯૨ |
| બાજરો | ૩૪૨ | ૫૧૩ |
| જુવાર | ૨૭૧ | ૩૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૧ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૬૯ |
| મગ | ૧૨૮૦ | ૧૪૮૧ |
| ચણા | ૯૪૦ | ૧૨૧૨ |
| ચણા સફેદ | ૧૧૬૧ | ૧૧૮૨ |
| તુવેર | ૧૦૫૦ | ૧૧૭૬ |
| કપાસ | ૯૧૨ | ૧૬૭૪ |
| એરંડા | ૯૪૪ | ૧૨૬૬ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૪૨૫ |
| ધાણા | ૧૧૧૦ | ૧૩૨૫ |
| મેથી | ૬૭૬ | ૮૭૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| કાંગ | ૪૧૦ | ૫૬૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૯૬૪ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૯૧૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૬૦૦ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૫ |
| બાજરો | ૩૫૦ | ૫૨૫ |
| જુવાર | ૫૫૦ | ૭૮૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૦૨ |
| ચણા | ૧૦૭૫ | ૧૨૧૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૨૫ |
| એરંડી | ૧૧૫૦ | ૧૩૦૦ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૧૯૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૦૦ | ૧૩૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શકકરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૧૦૫૦ | ૧૨૦૦ |
| સુરણ | ૧૧૫૦ | ૧૨૮૦ |
| ગાજર | ૪૦૦ | ૫૫૦ |
| દુધી | ૧૦૦ | ૧૫૦ |
| કારેલા | ૩૦૦ | ૩૫૦ |
| ગલકા | ૩૦૦ | ૩૫૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૨૨૦૧૦ | ૨૪૦૦ |
| ચોળા લીલાં | ૩૨૦ | ૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૬૦ |
| મેથીભાજી | ૫૩૦ | ૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૫૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| શીંગ ચોળા | ૬૦૦ | ૮૫૦ |
| ચિભડા | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૩૦ | ૧૫૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૧૨૦૦ | ૧૩૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીબું | ૨૦૦ | ૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **બગસરા-** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૩૧ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૧૦૫૫ | ૧૮૬૫ |
| સોયાબીન | ૭૬૦ | ૮૦૪ |
| શીગ ફાડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ચોળી | ૯૩૫ | ૯૩૫ |
| શીંગદાણા | ૧૦૮૦ | ૧૩૮૦ |
| જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| તુવેર | ૧૧૬૫ | ૧૧૬૫ |
| મગફળી | ૮૩૫ | ૮૮૦ |
| મેથી | ૭૨૫ | ૭૨૫ |
| બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૬૧૦ | ૧૬૩૫ |
| કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૦૪૦ | ૧૦૯૦ |
| જીરૂ | ૨૭૨૦ | ૩૫૦૦ |
| તલ સફેદ | ૧૫૧૦ | ૧૭૦૦ |
| ઘઉં | ૪૭૩ | ૫૧૭ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૦૫ |
| **ધારી** | | |
| મગફળી | ૮૯૦ | ૯૫૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૧૩ |
| ચણા | ૧૧૬૫ | ૧૧૭૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| શીગ ફાડા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| તલકાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| તલ સફેદ | ૧૪૩૪ | ૧૪૩૪ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૪૫૧ | ૧૮૭૫ |
| તલ કાળા | ૨૯૯૨ | ૨૯૯૨ |
| તલ કાળા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| કપાસ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| બાજરો | ૩૫૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૦ |
| જુવાર | ૪૩૫ | ૮૫૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ચણા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૭૫ | ૧૧૩૧ |
| મગફળી ૩૨ નં. | ૯૭૦ | ૧૦૮૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૦ | ૫૨૯ |
| ઘઉં | ૪૫૦ | ૫૩ |
| ચોળી | ૮૦૦ | ૧૫૩૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૮૯ |
| મગ | ૧૩૦૦ | ૧૭૩૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૧૭૮૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૮૦ |
| સોયબીન | ૭૨૫ | ૮૫૧ |
| શીંગદાણા | ૧૨૫૦ | ૧૫૮૨ |
| રજકો | ૩૫૦૦ | ૫૨૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૬૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૮૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૪૧ |
| તુવેર | ૧૦૪૬ | ૧૦૪૬ |
| મગફળી | ૭૦૧ | ૧૦૬૧ |
| શિંગ ફાડા | ૧૧૦૧ | ૧૨૭૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૮૦૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૫૧ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૩૫૦ | ૧૩૯૨ |
| શીંગ ૩૨ | ૯૮૦ | ૧૦૬૧ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૦ | ૧૦૬૮ |
| જુવાર | ૩૦૦ | ૬૧૯ |
| બાજરી | ૩૫૧ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૯૭ |
| અડદ | ૧૨૧૧ | ૧૨૯૮ |
| મગ | ૧૨૭૦ | ૧૫૦૮ |
| સોયાબીન | ૭૩૦ | ૭૭૧ |
| ચણા | ૧૧૫૪ | ૧૧૯૨ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૭૦ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૭૫૦ |
| તુવેર | ૩૫૧ | ૩૫૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૩૦૦ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૨૦૧ |
| નાળીયેર | ૫૪૧ | ૩૨૦૦ |

## શબ્દ સંજોગ-૨૦૪૫



**આડી ચાવી :**
(૧) સાક્ષી પૂરનાર (૩)
(૪) પ્રપંચ, કાવતરું (૪)
(૮) હેતુ, આશય (૪)
(૧૦) તમોગુણ (૩)
(૧૧) વરકન્યાનો હસ્તમેળાપ (૪)
(૧૪) ચોપડીનું પૃષ્ઠ (૨)
(૧૫) નસીબ (અં) (૨)
(૧૬) તાંબાનો એક સિકકો, પૈસાનો ત્રીજો ભાગ (૨)
(૧૮) એક જાતનું જાડું કાપડ (૨)
(૨૦) ચણિયારામાં ફરતો કમાડનો ખીલો (૨)
(૨૧) એક અટક (૪)
(૨૩) અફીણનો છોડવો (૪)
(૨૫) મહાવરો (૩)
(૨૬) શરીરની અંદર થતી પીડ- વેદના (૪)
(૨૭) શૂર, પરાક્રમી (૨)
(૨૯) પરોઢિયે ગોચરમાં ચરવું તે (૩)
(૩૦) ..... જય કિસાન (૫)

**ઉભી ચાવી :**
(૧) સાંબેલાની લોઢાની બંગડી (૨)
(૨) માલ ભરવાનું ગાડું (૪)
(૩) જાડાશ, ઘનતા (૨)
(૫) લોહીના વિકારથી થતો ચામડીનો એક રોગ (૩)
(૬) એક રોગ (૩)
(૭) મીટ, અનિમેષ નજર (૨)
(૯) મંજૂર, કાયમ (૩)
(૧૨) કૂદકો, ઠેકડો (૩)
(૧૩) અણુ જેવું સૂક્ષ્મ ઝેરી જંતુ, વિષાણુ (૪)
(૧૪) કન્યાને પરણતી વખતે પહેરવાનું ધોળું વસ્ત્ર (૪)
(૧૬) જેમાં પાન ખરે કે ગરે છે એ ઋતુ (૪)
(૧૭) શાહીનો ખડિયો (૩)
(૧૯) આનંદ ખાતર કરેલી મશ્કરી મજાક (૩)
(૨૨) ગતિ, ચાલ (૪)
(૨૪) પંજાબની એક નદી (૪)
(૨૬) દેવું, ઋણ (૩)
(૨૮) ટાઢથી ફાટેલી ચામડી (૨)

## શબ્દ સંજોગ-૨૦૪૪ જવાબ

**આડી ચાવીઃ** (૧) પવાડી (૪) કાયદેસર (૮) વિસનગર (૧૦) દામાદ (૧૧) રટણ (૧૨) રગ (૧૫) મઠો (૧૭) રમકડું (૧૯) કમ (૨૧) જરૂર (૨૨) જામનગર (૨૪) સખતાઈ (૨૬) કમોદ (૨૭) લડત (૨૯) હબક (૩૧) સાર્થ (૩૨) રનવન.

**ઉભી ચાવી :** (૧) પવિત્ર (૨) વાસ (૩) ડીનર (૪) કારણ (૫) દેદાર (૬) સમાગર (૭) રદ (૯) ગટકૂડું (૧૩) જમરૂખ (૧૪) ચકમક (૧૬) ઠોકર (૧૭) રજસ (૧૮) કરતાલ (૨૦) મનમોહન (૨૩) ગદબ (૨૫) ઈડર (૨૮) તન (૩૦) કથ્ય.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બાબરાના કોટડાપીઠા ગામના બે પુરુષો સાથે ૧૦ લાખની છેતરપિંડી

બાબરા, તા.૩૧

બાબરાના કોટડાપીઠા ગામે રહેતા બે પુરુષો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. એક પુરુષને એપીકે ફાઈલ મોકલીને અને બીજા પુરુષને ક્રિપ્ટોમાં રોકાણથી તગડો નફો થશે તેમ કહીને છેતરપિંડી આચરવામાં આવી હતી. મનુભાઈ મુળજીભાઈ ચોવટીયા (ઉ.વ.૪૫) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા વ્યક્તિએ તેના મોબાઈલમાં એપીકે ફાઈલ મોકલી હતી. જે બાદ તેનો ફોન હેક કરીને યુપીઆઈ આડીથી અલગ અલગ તારીખે કુલ ૧,૯૯,૫૦૦ની ઓનલાઈન ઠગાઈ કરી હતી. બીજા બનાવમાં સાગરભાઈ જગદીશભાઈ પરમાર (ઉ.વ.૨૫)એ શ્રુતી અગ્રવાલ નામની અજાણી મહિલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ વોટસેપ ચેટ મારફતે તેમની સાથે મિત્રતા કેળવી હતી. જે બાદ તેમને ક્રિપ્ટોકરન્સીમાં પ્રોફિટ કરાવી આપવાની લાલચ આપી એક ફેક વેબસાઈટમાં તેમનું એકાઉન્ટ ખોલાવી પહેલા ૨,૦૦,૦૦૦ જમા કરાવી ક્રિપ્ટોકરન્સીમાં ટ્રેડીંગની ટીપ્સ આપી હતી. તેમને શરૂઆતમાં રૂ.૧૨,૦૦૦નો પ્રોફિટ પાછો આપી વધુ રોકાણ કરવાની લાલચ આપી રૂ.૮,૦૦,૦૦૦ જમા કરાવડાવ્યા હતા. જેમાંથી રૂ.૨,૦૦,૦૦૦ વિડ્રોલથી તેમને પરત આપી બાદ મદદ તથા વધુ ફાયદો કરાવી આપવાના નામે તેના ટ્રેડીંગ એકાઉન્ટમાં રૂ.૨૫,૦૦,૦૦૦ પાઉન્ડમાં જમા કર્યા હતા. જેમાંથી તેમણે રૂપિયા વિડ્રો કરવા માટે રીકવેસ્ટ કરતા વિડ્રો થયા નહોતા અને આરોપીએ તમારા ખાતામાં વિદેશથી રૂપિયા જમા થયેલ હોય જેથી મની લોન્ડ્રીંગનો કેસ લાગે. તમે રૂ.૨૫,૦૦,૦૦૦ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવો ત્યારબાદ એકાઉન્ટમાં રહેલ રકમ વિડ્રો થશે તેમ કહી તેમની સાથે ઓનલાઈન રૂ.૮,૦૦,૦૦૦ ની વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરવામાં આવી હતી.

**બગસરા ડેપોમાં નવી બસની ફાળવણી કરવામાં આવતા**

# બગસરાથી માતાના મઢ બસ શરૂ કરવા ધારાસભ્ય જે.વી. કાકડીયાની રજૂઆત

બગસરા, તા.૩૧



રાજ્ય સરકાર દ્વારા અમરેલી એસટી ડિવિઝન ને ૬ સુપર ડિલક્સ બસની ફાળવણી કરવામાં આવી છે ત્યારે તેમાંથી એક બસ બગસરા ડેપોને પણ આપવામાં આવી છે જેથી બગસરા ડેપો દ્વારા બગસરાથી માતાના મઢ બસ શરૂ કરવામાં આવે તેવી ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતુ કે મુસાફરોની સગવડતા માટે રાજ્ય સરકાર દ્વારા નવી બસ ફાળવવામાં આવી છે ત્યારે બગસરા શહેરની વર્ષો જૂની માંગણી છે કે બગસરાથી માતાના મઢ વાયા રાજકોટ મોરબી શરૂ કરવામાં આવે તો મુસાફરોને ફાયદો થાય તેમ છે. આમ ધારાસભ્યની રજૂઆત બાદ બગસરાથી માતાના મઢ બસ શરૂ થશે કે કેમ તે જોવાનું રહ્યું.

**બગસરાથી મોરબી અને કચ્છ જવા માટે એક પણ સીધી બસ નથી**

# ઉના: ગની માર્કેટના આશીર્વાદ કોમ્પ્લેક્સમાં આગથી અફડાતફડી મચી

ઉના, તા. ૩૧



ઉના શહેરના ગની માર્કેટમાં આવેલ આશીર્વાદ કૉમ્પ્લેક્સમાં વહેલી સવારે આગની ઘટના બની હતી. મહાદેવ બેગ નામની દુકાનમાં આગ લાગતા માલિકે તાત્કાલિક નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમને બોલાવી હતી. ફાયર ટીમે એક કલાકની જહેમત બાદ આગ કાબૂમાં લીધી હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન છે. ઘટનાની જાણ થતાં આસપાસના દુકાનદારો પણ સ્થળ પર એકત્ર થઈ ગયા હતા. પીજીવીસીએલની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કોમ્પ્લેક્સમાં અન્ય દુકાનો પણ હોવાથી આગ કાબૂમાં આવ્યા બાદ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# સાળંગપુરમાં ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ કર્મચારી સંઘની વાર્ષિક બેઠક: ચેતન વ્યાસ પ્રમુખ ચૂંટાયા

સાળંગપુર,તા.૩૧



તસવીર : ગોપાલ રાઠોડ

સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ કર્મચારી સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ બેઠકમાં ચેતનભાઈ એન. વ્યાસની સર્વાનુમતે સંઘના નવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. બેઠકમાં કર્મચારીઓના સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસો તેમજ નિવૃત્ત કર્મચારીઓને મળવાપાત્ર લાભો બાબતે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ મુદ્દાઓ પર કાનૂની અને સરકારી વિભાગોમાં જરૂરી કાર્યવાહી કરવા ઠરાવો પસાર કરાયા હતા. નવનિયુક્ત પ્રમુખ ચેતનભાઈ વ્યાસને આ કાર્યવાહી માટે સંપૂર્ણ સત્તા સુપ્રત કરવામાં આવી છે. આ સભામાં ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાંથી સંચાલક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોનારાભાઈ, નટુભાઈ, બોટાદના મુકેશભાઈ અને જીતુભાઈ તેમજ કચ્છના જીગીભાઈએ સુંદર સેવા આપી હતી. સાળંગપુર મંદિરના કોઠારી સ્વામીએ પણ બેઠક માટે સુવિધાઓ પૂરી પાડી ચેતનભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

# નાગેશ્રીમાં સર્વિસ રોડ, પાણીના નિકાલ અને સ્ટ્રીટલાઈટના અભાવથી ગ્રામજનો ત્રાહિમામ

જાફરાબાદ, તા.૩૧

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામમાં નેશનલ હાઈવેનું કામ પૂરું થયા પછી પણ સર્વિસ રોડ, પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા અને સ્ટ્રીટલાઈટના અભાવે ગ્રામજનોને પારાવાર મુશ્કેલી પડી રહી છે. આ અંગે સામાજિક કાર્યકર કનુભાઈ વરુએ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે, પરંતુ તંત્રની બેદરકારી યથાવત હોવાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. કનુભાઈ વરુએ જણાવ્યું કે, નાગેશ્રી ગામ ક્યાંથી શરૂ થાય છે તે જાણ હોવા છતાં સર્વિસ રોડ અપાયો નથી, જેથી રાજુલા અને ઉના જવા માટે ગ્રામજનોને મુશ્કેલી પડે છે. મીઠાપુર અને નાગેશ્રી વચ્ચેના બ્રિજને કારણે પણ ગામલોકોને હાઈવે પર ચડવા માટે લાંબો ફેરો કરવો પડે છે. વધુમાં, હાઈવેના કામને કારણે દુધાળા ગામના ખેડૂતોના રસ્તાઓ બંધ થઈ ગયા છે. સર્વિસ રોડની ગટરોમાં પાણી ભરાયેલું રહે છે અને તેનો નિકાલ ન થતા ચોમાસામાં પસાર થવું જોખમી બને છે.

# રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગો માટે વાર્ષિક રૂા. ૧ લાખનું આરોગ્ય વીમા કવચ

ગાંધીનગર,તા.૩૧

રાજ્યના દિવ્યાંગજન નાગરિકોના આરોગ્યની દરકાર ગુજરાત સરકાર કરી રહી છે. દિવ્યાંગજનોને આરોગ્ય કવચ પુરુ પાડવા માટે ગુજરાત સરકારે નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના અમલી બનાવી છે. આ યોજના હેઠળ દિવ્યાંગજનોને વાર્ષિક રૂ. એક લાખ સુધીનું આરોગ્ય વિમા કવચ પુરુ પાડવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વ હેઠળ રાજ્યના દિવ્યાંગજનોને બિમારીના સમયમાં યોગ્ય સારવાર આપવા ગુજરાત સરકાર કટીબદ્ધ છે. નિરામયા હેલ્થ ઈન્સ્યોરન્સ યોજના હેઠળ ગત પાંચ વર્ષમાં રાજ્યના ૭૭,૦૫૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ દિવ્યાંગ લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૯૧.૫૬ લાખના ખર્ચે વાર્ષિક રૂ. એક લાખ સુધીનું આરોગ્ય વિમા કવચ આપવામાં આવ્યું છે. બૌધ્ધિક અસમર્થતા, સેરેબલ પાલ્સી (મગજનો લકવો), ઓટીઝમ તથા મલ્ટીપલ ડીસેબીલીટીઝ ધરાવતા દિવ્યાંગજનને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. આ યોજનામાં ઉક્ત ચાર પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને વીમા રક્ષણ મળવાપાત્ર છે. જેમાં હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓ.પી.ડી., દવાઓ અને વાહન વ્યવહારના ખર્ચનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ તમામ પ્રકારની વય જુથના દિવ્યાંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ધોરાજી નગરપાલિકાના જનરલ બોર્ડમાં ભારે હંગામો થતાં શાસક પક્ષનો વોકઆઉટ

ધોરાજી,તા.૩૧



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી નગરપાલિકામાં યોજાયેલી સાધારણ સભામાં ભારે હંગામો સર્જાયો હતો. નગરપાલિકાના પ્રમુખ પાયલબેન ધોળકિયાના અધ્યક્ષ સ્થાને ૩૨ મુદ્દાઓ સાથેનું જનરલ બોર્ડ મળ્યું હતું. જેમાં પાંચ નંબરના મુદ્દાથી બોર્ડની શરૂઆત કરવામાં આવતા જ કોંગ્રેસે વિપક્ષ તરીકે વિરોધ નોંધાવી હંગામો કર્યો હતો. ચીફ ઓફિસરને જણાવેલ કે નિયમ મુજબ કાર્યવાહી થતી નથી. એક થી પાંચ એજન્ડાને બાદ કરી જનરલ બોર્ડ શરૂ કરવામાં આવેલ છે. આ મામલે તેમણે જણાવેલ કે બોર્ડના અધ્યક્ષ નગરપાલિકાના પ્રમુખ હોય જેથી એ બાબતે મારે કશું કરવાનું રહેતું નથી. દરેક મુદ્દા પર ચર્ચા કરવાને બદલે બોર્ડમાં પ્રમુખ દ્વારા મુદ્દાઓ વાંચી લેવામાં આવતા વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો અને વિરોધ દર્શાવ્યો હતો. ભારે ગરમાગરમી અને હોબાળા વચ્ચે બોર્ડ બહુમતીના ધોરણે મંજૂર થયું હોવાનું ચીફ ઓફિસર જયમલ મોઢવાડિયાએ જણાવ્યું હતું.

# વેરાવળમાં મહિલાના ઘરમાંથી રૂ.૭.૬૮ લાખની કિંમતનો વિદેશી દારુ પકડાયો

ઉના, તા.૩૧



વેરાવળ સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલ.સી.બી.ના ઈન્સ. એમ.વી. પટેલના માર્ગદર્શનમાં સબ ઈન્સ. એ.સી. સિંધવ તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા ત્યારે શહેરના ખારવાવાડ, કંપાઉન્ડ વિસ્તારમાં એક મહિલાના મકાનમાં વિદેશી દારુ હોવાની બાતમી મળી હતી. આથી ટીમે ત્યાં તપાસ કરતાં હીરાબેન નવીનભાઈ કુહાડા ફરાર જણાયેલ હતી. પરંતુ પોલીસને ત્યાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી કાચ તથા પ્લાસ્ટિકની કંપની શીલપેક કુલ બોટલો નંગ-૨૮૪૪ ની કિં.રૂા.૬,૮૪,૭૦૦/- અને અલગ અલગ બ્રાન્ડની બિયરના કુલ ટીન નંગ- ૩૬૬ કિં.રૂા-૮૪,૧૮૦/- મળી કુલ રૂ. ૭,૬૮,૮૮૦ કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

# એલ.વી.બી. સુરત ગ્રોથ લીડરશીપ ટીમ ત્રણમાં પ્રેસિડેન્ટ તરીકે દિવ્યા માંગરોળીયાની પસંદગી

અમરેલી તા.૩૧




અમરેલી તાલુકાના તરકતળાવ ગામના વતની અને હાલ સુરત રહેતા કિશોરભાઈ માંગરોળીયાની પુત્રી દિવ્યાબેન માંગરોળીયાને એલ.વી.બી. સુરત ગ્રોથમાં લીડરશીપ ટીમ ત્રણમાં પ્રમુખ તરીકે પસંદ કરાયા છે. તેમની પસંદગીને શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓએ આવકારી શુભેચ્છાઓ પાઠવી છે. તેઓની પસંદગી થતા તરકતળાવ ગામ અને માંગરોળીયા પરિવારનું નામ રોશન કર્યું છે. તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી માંગરોળીયા પરિવારે શુભકામનાઓ પાઠવી છે.

# કોડીનારના પણાદરમાં સગર્ભા મહિલાઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

કોડીનાર, તા. ૩૧



તસવીર : કુલદીપ પાઠક

પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન (PMSMA) અંતર્ગત કોડીનાર તાલુકાના પણાદર પ્રાથમિક આરોગ્ય સેન્ટર ખાતે સગર્ભા મહિલાઓ માટે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં ખાનગી હોસ્પિટલના સ્ત્રીરોગ નિષ્ણાત ડો. શ્વેતા દ્વારા સગર્ભા મહિલાઓની જરૂરી તપાસ કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પમાં મૂળદ્વારકા, પણાદર, છારા, કડોદરા, દામલી સહિતના ગામોમાંથી ૬૨ જેટલી સગર્ભા મહિલાઓને સંપૂર્ણ એએનસી ચેકઅપ, લોહીની તપાસ, નિયમિત ચેકઅપ સાથે જરૂરી દવાઓ અને માતૃત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગીર ગઢડાના આંકોલાળી ગામે ગૌચરમાં ગેરકાયદે લાઈમ સ્ટોન ખનન ઝડપાયું

ઉના, તા.૩૧



ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની સૂચના અને ઉનાના પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ ગીર ગઢડા તાલુકામાં ગેરકાયદેસર ખનીજ ચોરી અટકાવવા ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત, આંકોલાળી ગામે ગૌચર સર્વે નંબર ૧ પૈકીમાંથી કોઈપણ પ્રકારની લીઝ મંજૂરી વગર લાઈમ સ્ટોનનું ખનન ઝડપી પાડવામાં આવ્યું છે. મામલતદાર કચેરીની ટીમને મળેલી બાતમીના આધારે સ્થળ તપાસ કરતા આ ગેરકાયદે ખનન પ્રવૃત્તિનો પર્દાફાશ થયો હતો. સ્થળ પર હાજર ભાવેશભાઈ વીરાભાઈ નામની વ્યક્તિની પૂછપરછ કરતા તેમણે આ જગ્યાએથી લાઈમ સ્ટોનનું ખનન કરતા હોવાનું સ્વીકાર્યું હતું. ટીમ દ્વારા ભાવેશભાઈનું નિવેદન લઈ પંચરોજકામ કરવામાં આવ્યું હતું. ખનન થયેલા લાઈમ સ્ટોનનો ચોક્કસ જથ્થો નક્કી કરવા માટે સ્થળ માપણી કરવામાં આવશે. આ અંગે વધુ દંડનીય કાર્યવાહી હાથ ધરવા માટે ભૂસ્તરશાસ્ત્રી, ખાણ ખનિજ વિભાગ, ગીર સોમનાથને રિપોર્ટ મોકલી દેવામાં આવ્યો છે.

# ડોળાસા નજીક સિંહણે વૃદ્ધાને ફાડી ખાધા બાદ વન વિભાગની નિષ્ક્રિયતા સામે લોકોમાં આક્રોશ

ડોળાસા,તા.૩૧



તસવીર : અનીલ કાનાબાર

ડોળાસા નજીકના કાણકિયા ગામે વહેલી સવારે એક સિંહણે ઘરના ફળિયામાં ઘૂસી ૫૯ વર્ષીય વૃદ્ધા કમળાબેન આત્મારામ દેશાણીને ફાડી ખાતા ભારે ભય અને આક્રોશનો માહોલ છવાયો છે. વન વિભાગની નિષ્ક્રિય કામગીરી સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કમળાબેન વહેલી સવારે ત્રણથી ચાર વાગ્યાની આસપાસ ઘરના ફળિયામાં આવેલા બાથરૂમ તરફ જઈ રહ્યા હતા ત્યારે અંધારામાં તેમને સિંહણ અને તેના બચ્ચા દેખાયા ન હતા. સિંહણે તેમના પર જીવલેણ હુમલો કરી ગળું પકડી લીધું, જેનાથી તેમનું મૃત્યુ થયું. સિંહણ તેમનો મૃતદેહ ફળિયામાં લગભગ સો ફૂટ દૂર ઢસડી ગઈ અને તેમના બંને પગ ખાઈ ગઈ હતી, જેના કારણે ભારે અરેરાટી ફેલાઈ છે. આથી ગ્રામજનો ડરી-ડરીને ખેતરોમાં કામે જાય છે. જો વન વિભાગ તાત્કાલિક આ વન્યપ્રાણીઓને ગીરના જંગલમાં પાછા નહીં લઈ જાય તો આવી ઘટનાઓ રોજિંદી બની જશે. સ્થાનિકો ગુજરાત સરકાર દ્વારા આ બાબતે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે અને વન્યપ્રાણીઓ જંગલ છોડી માનવ વસ્તી તરફ શા માટે આવે છે તેની તપાસની પણ તાતી જરૂરિયાત જણાવી રહ્યા છે.

# દેશ પર હિન્દુ આતંકવાદ લાદવાનો કોંગ્રેસનો પ્રયાસ નિષ્ફળ ગયો છે : રવિશંકર પ્રસાદ

નવીદિલ્હી,તા.૩૧

માલેગાંવ વિસ્ફોટના તમામ ૭ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા પછી, આ અંગે રાજકારણ શરૂ થઈ ગયું છે. ભાજપે આ અંગે કોંગ્રેસને ઘેરવાનું શરૂ કર્યું છે. ચુકાદા પછી તરત જ, ભાજપે એક પ્રેસ કોન્ફરન્સ યોજી અને રાહુલ ગાંધી અને યુપીએ સરકારના તત્કાલીન ગૃહમંત્રી પી. ચિદમ્બરમ, સુશીલ કુમાર શિંદેના કથિત નિવેદનોનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પર ભગવો આતંકવાદ ઉભો કરવાનો આરોપ લગાવ્યો. ભાજપના પ્રવક્તા રવિશંકર પ્રસાદે કહ્યું કે ડીજીપીની પ્રેસ કોન્ફરન્સમાં ચિદમ્બરમે ભગવા આતંકવાદ વિશે વાત કરી હતી. બીજા ગૃહમંત્રી સુશીલ કુમાર શિંદેએ પણ ભગવા આતંકવાદ વિશે વાત કરી હતી. એટલું જ નહીં, રાહુલ ગાંધીએ તેમની વાતચીતમાં યુએસ રાજદૂતને પણ કહ્યું કે હિન્દુ આતંકવાદ લશ્કર-એ-તૈયબા કરતાં વધુ ખતરનાક છે.



રવિશંકર પ્રસાદે કહ્યું કે માલેગાંવ વિસ્ફોટ પર NIA કોર્ટનો નિર્ણય ઐતિહાસિક છે. બળજબરીથી હિન્દુ આતંકવાદ લાદવાનું કોંગ્રેસનું કાવતરું નિષ્ફળ ગયું છે. માલેગાંવ વિસ્ફોટમાં કોર્ટના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે કોઈની સામે કોઈ પુરાવા મળ્યા નથી. કર્નલ પુરોહિત એક સક્ષમ સૈન્ય અધિકારી હતા. તે કાશ્મીરમાં આતંકવાદ સામે લડ્યા હતા. પરંતુ તેમને ફસાવી દેવામાં આવ્યા હતા. પ્રજ્ઞા ઠાકુર ખૂબ જ સારા સાધ્વી હતા. તેઓ સાંસદ પણ બન્યા હતા. પરંતુ એવું કહેવામાં આવ્યું હતું કે તેમની બાઈકમાંથી બોમ્બ મળી આવ્યો હતો.

# ટેરિફના મુદ્દા પર અમેરિકા સાથે દ્વિપક્ષીય વાટાઘાટાની પ્રક્રિયા ચાલી રહી છે : વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ

નવીદિલ્હી,તા.૩૧

અમેરિકન ટેરિફના મુદ્દા પર સંસદમાં હોબાળો થઈ રહ્યો છે. વિપક્ષ ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદવા પર અમેરિકા દ્વારા પ્રશ્નો પૂછી રહ્યું છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે આજે લોકસભામાં આ અંગે જવાબ આપ્યો. ગોયલે કહ્યું કે ટેરિફના મુદ્દા પર અમેરિકા સાથે દ્વિપક્ષીય વાટાઘાટો ચાલી રહી છે. અમે વર્તમાન પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ. અમે ઉદ્યોગપતિઓ અને હિસ્સેદારો સાથે વાત કરી રહ્યા છીએ. ભારત વૈશ્વિક વેપારમાં ૧૬ ટકા યોગદાન આપે છે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતનું યુવા અને કુશળ કાર્યબળ આપણી તાકાત છે અને અમે આપણા સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરીશું. સ્થાનિક ઉદ્યોગનું હિત આપણા માટે પ્રથમ આવે છે. તેમણે ભાર મૂક્યો કે, "એક દાયકાથી પણ ઓછા



સમયમાં, ભારત પાંચ નબળા અર્થતંત્રોમાંથી ઉભરીને એક મુખ્ય અર્થતંત્ર અને વિશ્વની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક બન્યું છે." તેમણે કહ્યું કે એવી પણ અપેક્ષા છે કે ભારત થોડા વર્ષોમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ગૃહમાંથી અમેરિકાને જવાબ આપ્યો. ગોયલે કહ્યું કે સરકાર ભારતીય માલ પર યુએસ ટેરિફની અસર પર નજર રાખી રહી છે. સરકાર ખેડૂતો, કામદારો, ઉદ્યોગસાહસિકો, નિકાસકારો સહિત ઉદ્યોગના તમામ હિસ્સેદારોના કલ્યાણ પર નજર રાખી રહી છે.

# દેશમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓના કારણે આદિવાસીઓની વસ્તી ઘટી : ભાજપ સાંસદ નિશિકાંત

નવીદિલ્હી,તા.૩૧

ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ બુધવારે લોકસભામાં ઝારખંડમાં રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર લાગુ કરવાની જોરદાર માંગ કરી. તેમણે કહ્યું કે બાંગ્લાદેશથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને કારણે રાજ્યમાં આદિવાસી વસ્તી ઝડપથી ઘટી રહી છે. તેમણે શૂન્ય કલાક દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો. દુબેએ કહ્યું કે ૧૯૫૧ ની વસ્તી ગણતરી મુજબ, ઝારખંડના સંથાલ પરગણા ક્ષેત્રમાં આદિવાસી વસ્તી ૪૫ ટકા હતી, જે ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં ઘટીને ૨૭ ટકા થઈ ગઈ. તેમને ડર છે કે આગામી વસ્તી ગણતરીમાં આ આંકડો વધુ ઘટીને ૨૧ ટકા થઈ શકે છે. તેમણે આરોપ લગાવ્યો કે બાંગ્લાદેશી ઘૂસણખોરો આદિવાસી સમાજની મહિલાઓનું શોષણ કરી રહ્યા છે અને જે લોકો અનુસૂચિત જાતિ, જનજાતિ અને આદિવાસી સમુદાયના અધિકારોની વાત કરે છે તેઓ વોટબેંકના રાજકારણને કારણે આ ગંભીર સમસ્યા પર મૌન છે.

# ભારત એક મૃત અર્થતંત્ર છે, આર્થિક-રક્ષણ અને વિદેશ નીતિ બરબાદ થઈ : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૩૧

કોંગ્રેસ પાર્ટીના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે કેન્દ્ર સરકાર પર જોરદાર નિશાન સાધ્યું. રાહુલ ગાંધીએ કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સિવાય, દરેક જાણે છે કે ભારત એક 'મૃત અર્થતંત્ર' છે. રાહુલ ગાંધીએ એવો પણ દાવો કર્યો છે કે અમેરિકા



સાથેનો વેપાર સોદો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શરતો પર થશે. રાહુલ ગાંધીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદવા અને ભારતને બરબાદ અર્થતંત્ર કહેવા સંબંધિત એક પ્રશ્ન પર નિવેદન આપ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું- "તેઓ સાચા છે. વડાપ્રધાન અને નાણામંત્રી સિવાય બધા જાણે છે કે ભારતનું અર્થતંત્ર બરબાદ થઈ ગયું છે. મને ખુશી છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે તથ્યો રજૂ કર્યા છે. ભાજપે અર્થતંત્રનો નાશ કર્યો છે. આજે ભારત સમક્ષ મુખ્ય મુદ્દો એ છે કે આ સરકારે આપણી આર્થિક નીતિનો નાશ કર્યો છે, આપણી સંરક્ષણ નીતિનો નાશ કર્યો છે અને આપણી વિદેશ નીતિનો નાશ કર્યો છે. તેઓ દેશને ખાડામાં લઈ જઈ રહ્યા છે." સંસદ સંકુલમાં મીડિયા સાથે વાત કરતા રાહુલ ગાંધીએ વિદેશ મંત્રી એસ જયશંકરની ટિપ્પણી ટાંકીને કહ્યું- "વિદેશ મંત્રી કહે છે કે આપણી પાસે એક મહાન વિદેશ નીતિ છે.

# દેશમાં આજે જૂની પેન્શન યોજના માટે રાષ્ટ્રીય આંદોલન અને વિરોધ રેલી યોજાશે

ગાંધીનગર,તા.૩૧

દેશભરમાં જૂની પેન્શન યોજના માટે રાષ્ટ્રીય આંદોલન ચાલી રહ્યું છે. આ માટે ૧ ઓગસ્ટે ભારતમાં સરકારી કર્મચારીઓની વિરોધ રેલી કાઢવામાં આવનાર છે. આમાં, ગુજરાતના લગભગ દોઢ લાખ સરકારી કર્મચારીઓ, જેમાં રાજકોટ જિલ્લાના ૬૦૦૦ કર્મચારીઓ, જેઓ નવી પેન્શન યોજના હેઠળ છે, જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ ઉઠાવશે. જો સરકારના સાંસદો અને ધારાસભ્યો માટે જૂની પેન્શન યોજના હજુ પણ અમલમાં છે, તો પછી સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના કેમ બળજબરીથી લાગુ કરવામાં આવી છે? આ પ્રશ્ન સાથે વિરોધ રેલી કાઢવામાં આવશે. સરકારી કર્મચારીઓ ૧ ઓગસ્ટથી ૨૫ નવેમ્બર સુધી દિલ્હીમાં ભૂખ હડતાળ, ટ્વિટર ઝુંબેશ અને ધરણા સહિત વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમોનું આયોજન કરશે. એક તરફ, જ્યારે ચોમાસાની ઋતુ ચાલી રહી છે, ત્યારે રાજકોટના એક શિક્ષક છત્રી લઈને જૂની પેન્શન યોજનાનો વિરોધ કરશે.

# જેએનયુ શાકાહારી અને માંસાહરી ખોરાકને લઈ ફરી વિવાદમાં આવી

નવીદિલ્હી,તા.૩૧

જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી ફરી એકવાર વિવાદમાં છે. આ વખતે મામલો માહી માંડવી હોસ્ટેલમાં શાકાહારી અને માંસાહારી ખોરાકનો છે. મેસમાં શાકાહારી અને માંસાહારી ખોરાક માટે અલગ અલગ વ્યવસ્થા કરવાના હોસ્ટેલ વહીવટીતંત્રના નિર્દેશ બાદ, વિદ્યાર્થીઓમાં ભારે રોષ છે. કહેવામાં આવી રહ્યું છે



કે ૨૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, હોસ્ટેલમાં એક નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં મેસમાં શાકાહારી અને માંસાહારી ખોરાક માટે અલગ વ્યવસ્થા કરવાનું કહેવામાં આવ્યું હતું. આ નિર્ણય અંગે વિદ્યાર્થીઓમાં ભારે ચર્ચા છેડાઈ છે. જેએનયુએસયુ વિદ્યાર્થી સંઘે આ નિર્ણયનો સખત વિરોધ કર્યો છે. JNUSU કહે છે કે આ પગલું યુનિવર્સિટીની સમાવેશી સંસ્કૃતિ વિરુદ્ધ છે અને કેમ્પસની એકતાને તોડી નાખશે. કહેવામાં આવી રહ્યું છે કે ૨૮ જુલાઈ, ૨૦૨૫ ના રોજ, હોસ્ટેલમાં એક નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં મેસમાં શાકાહારી અને માંસાહારી ખોરાક માટે અલગ અલગ જગ્યાઓ બનાવવાનું કહેવામાં આવ્યું હતું.

# તેલંગાણામાં પક્ષપલટો કરનારા ધારાસભ્યોની ગેરલાયકાત પર ઝડપી નિર્ણય લેવા વિધાનસભાના અધ્યક્ષને સુપ્રીમનો આદેશ

નવીદિલ્હી,તા.૩૧

સુપ્રીમ કોર્ટે વિધાનસભા અધ્યક્ષને નિર્દેશ આપ્યો છે કે તેલંગાણામાં પક્ષપલટો કરનારા ભારત રાષ્ટ્ર સમિતિ ધારાસભ્યોની ગેરલાયકાત પર ઝડપી નિર્ણય લે. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે આ નિર્ણય ત્રણ મહિનાની અંદર લેવો જોઈએ, નહીં તો લોકશાહીને નુકસાન થઈ શકે છે. કોંગ્રેસમાં જોડાયેલા ૧૦ બીઆરએસ ધારાસભ્યો સામે



ગેરલાયકાત અરજીઓ પર સાત મહિના પછી પણ કોઈ નિર્ણય ન આવતા કોર્ટનો આ આદેશ આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે જો સ્પીકર સમયસર કાર્યવાહી નહીં કરે તો તે 'ઓપરેશન સફળ, દર્દી મૃત્યુ પામ્યો' જેવી પરિસ્થિતિ બનશે. કોર્ટે કહ્યું કે આ મામલો ૧૦મી અનુસૂચિ સાથે સંબંધિત છે, જેમાં સ્પીકરે પક્ષપલટાની સ્થિતિમાં ઝડપી નિર્ણય લેવો પડશે. કોર્ટે સ્પીકરને કહ્યું કે ધારાસભ્યોને પ્રક્રિયામાં વિલંબ ન થવા દો અને જો આવું થાય તો તેમની સામે પ્રતિકૂળ નિષ્કર્ષ કાઢી શકાય છે. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે રાજકીય પક્ષપલટો દેશની લોકશાહી વ્યવસ્થા માટે ગંભીર ખતરો છે. જો તેને રોકવામાં નહીં આવે તો તે સમગ્ર વ્યવસ્થાને અસ્થિર કરી શકે છે. કોર્ટે સંસદને એ પણ વિચારણા કરવા વિનંતી કરી કે શું સ્પીકરની પક્ષપલટાના કેસોમાં નિર્ણય લેવાની વર્તમાન પદ્ધતિ યોગ્ય છે કે તેને બદલવાની જરૂર છે.

# અમેરિકા અને પાકિસ્તાન સંયુક્ત રીતે તેના તેલ ભંડારનો વિકાસ કરશે : ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૩૧

૨૫% ટેરિફ લાદ્યા પછી યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કદાચ હવે ભારતને ચીડવી રહ્યા છે. પહેલા તેમણે પાકિસ્તાન સાથે મોટા તેલ સોદાની જાહેરાત કરી. પછી તેમણે ભારતનું નામ લઈને કંઈક એવું કહ્યું જે અશક્ય લાગે છે. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા અને પાકિસ્તાન સાથે મળીને 'વિશાળ તેલ ભંડાર' વિકસાવશે. ટ્રમ્પે આ જાહેરાત તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર કરી. તેમણે લખ્યું કે એક દિવસ એવો આવશે



જ્યારે ભારત પણ પાકિસ્તાન પાસેથી તેલ ખરીદશે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હજુ સુધી એ નક્કી થયું નથી કે કઈ અમેરિકન ઓઈલ કંપની આ ભાગીદારીનું નેતૃત્વ કરશે. ટ્રમ્પે મજાકમાં કહ્યું કે કદાચ ભવિષ્યમાં પાકિસ્તાન ભારતને તેલ વેચશે. તેમણે લખ્યું કે અમે પાકિસ્તાન સાથે એક ડીલ ફાઈનલ કરી છે.

# રશિયામાં સતત બીજા દિવસે ભૂકંપ અને જ્વાળામુખી ફાટતા લોકોમાં ભય

મોસ્કો,તા.૩૧

રશિયામાં બીજે દિવસે પણ પૂર્વીય ક્ષેત્રમાં કુદરતનો પ્રકોપ શાંત થયો નથી. ગુરુવારે સવારે, ૩૧ જુલાઈના રોજ, કુરિલ ટાપુઓ પર લગભગ ૬.૫ ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ આવ્યો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના અહેવાલ મુજબ, ભારતીય સમય મુજબ સવારે ૧૦:૫૭ વાગ્યે ભૂકંપ નોંધાયો હતો અને તેની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હતી. આના એક દિવસ પહેલા, બુધવાર, ૩૦ જુલાઈના રોજ, કુરિલ ટાપુઓ નજીકના સમુદ્રમાં ૮.૮ ની તીવ્રતાનો સૌથી 'વિનાશક' ભૂકંપ નોંધાયો હતો. આ ભૂકંપ પછી, સુનામીના મોજા રશિયા, જાપાન, ચીન અને અમેરિકા સુધી પહોંચ્યા. રશિયામાં, મોજા ૪ મીટર સુધી ઊંચા હતા, જ્યારે અમેરિકાના દરિયાકાંઠે, તે ૧ મીટર સુધી ઊંચા નોંધાયા હતા. બુધવારે આવેલા ભૂકંપના થોડા કલાકો પછી, રશિયાના કામચાટકા દ્વીપકલ્પ પર ક્લ્યુચેવસ્કાયા સોપકા જ્વાળામુખી ફાટી નીકળ્યો હતો.

# ફ્રાન્સ પછી હવે કેનેડા અને માલ્ટા પણ પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપશે

સંયુક્ત રાષ્ટ્ર,તા.૩૧

ફ્રાન્સ પછી, હવે કેનેડા અને માલ્ટાએ પણ બુધવારે ઈઝરાયલને આંચકો આપવાનો નિર્ણય લીધો છે. આ બંને દેશોએ જાહેરાત કરી છે કે તેઓ સપ્ટેમ્બરમાં પેલેસ્ટાઈનને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે માન્યતા આપશે. આ પગલું ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગડમ સાથે મળીને લગભગ ૮૦ વર્ષથી ચાલી રહેલા ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષને સમાપ્ત કરવા માટે દબાણ વધારવાનો એક નવો પ્રયાસ છે. માલ્ટાના વિદેશ મંત્રાલયના કાયમી સચિવ ક્રિસ્ટોફર



કટજરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકમાં આ જાહેરાત કરી હતી. કટજરે કહ્યું કે માલ્ટા લાંબા સમયથી પેલેસ્ટાઈનના લોકોના સ્વ-નિર્ણયના અધિકારને સમર્થન આપી રહ્યું છે અને જવાબદાર ભૂમિકા ભજવતા દેશો તરીકે, બે-રાજ્ય ઉકેલની વિભાવનાને સિદ્ધાંતથી વ્યવહારમાં લાવવાની આપણી ફરજ છે.

# ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય અંડર-૧૯ ટીમની કરાઈ જાહેરાત

નવીદિલ્હી,તા.૩૧

ભારતીય અંડર-૧૯ ટીમે ઈંગ્લેન્ડ પ્રવાસ પર પણ સારું પ્રદર્શન કર્યું હતું. જ્યાં વનડે શ્રેણી ૩-૨થી જીતી હતી. આ કારણોસર, મોટાભાગના એવા ખેલાડીઓને ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે સ્થાન મળ્યું છે જેમણે ઈંગ્લેન્ડ પ્રવાસ પર અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. આયુષ મ્હાત્રેને કેપ્ટનશીપની જવાબદારી મળી છે અને વિહાન મલ્હોત્રાને ઉપ-કેપ્ટન બનાવવામાં આવ્યા



છે. ટીમમાં કરિશ્માઈ ઓપનર વૈભવ સૂર્યવંશી સહિત ઘણા મુખ્ય ખેલાડીઓને જાળવી રાખવામાં આવ્યા છે. કેપ્ટન બનેલા આયુષ મહાત્રેએ આઈપીએલ ૨૦૨૫ માં ફ્રેન્ચાઈઝી ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમ્યો છે અને આઈપીએલ ૨૦૨૫ ની ૭ મેચોમાં કુલ ૨૪૦ રન બનાવ્યા છે. આ દરમિયાન તેમના બેટમાંથી એક અડધી સદી નીકળી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૧૦ ઓક્ટોબરના રોજ સમાપ્ત થશે. ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ દેવજીત સૈકિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જુનિયર પસંદગી સમિતિએ સપ્ટેમ્બરમાં આગામી ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતની અંડર-૧૯ ટીમની પસંદગી કરી છે. ભારતીય અંડર-૧૯ ટીમે ઈંગ્લેન્ડ પ્રવાસ પર યુથ વનડે શ્રેણી ૩-૨થી જીતી હતી.

# કરિશ્મા કપૂરના પૂર્વ પતિ સંજય કપૂરના મૃત્યુ પછી તેમની મિલકતને લઈને વિવાદ શરૂ

નવીદિલ્હી,તા.૩૧

દિલ્હી એરપોર્ટ પર કરિશ્મા કપૂર તેના બાળકો સમાયરા કપૂર અને કિયાન કપૂર સાથે જોવા મળી હતી. બોલિવૂડ અભિનેત્રીએ તેના સ્વર્ગસ્થ પૂર્વ પતિ સંજય કપૂરની ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ પર ચાલી રહેલા કાનૂની વિવાદ વચ્ચે એરપોર્ટથી બહાર નીકળતી વખતે સાદગી જાળવી રાખી હતી. ઓનલાઈન સામે આવેલા એક વીડિયોમાં, કરિશ્મા આગળ



ચાલી રહી છે, જ્યારે કિયાન અને સમાયરા તેની પાછળ ચાલી રહ્યા છે. કરિશ્માએ કાળા રંગનો ટાઈટ્સ અને મોટો સફેદ શર્ટ પહેરીને કોઈ ઝઘડો ન થાય તેવો ટ્રાવેલ લુક પસંદ કર્યો. તેણીએ પોતાનો મેકઅપ ઓછામાં ઓછો રાખ્યો અને કાળા સનગ્લાસ અને ખુલ્લા, લહેરાતા વાળથી તેને વધુ આકર્ષક બનાવ્યો. તેની પુત્રી સમાયરા, જે મીડિયાના ઝગમગાટથી દૂર મોટી થઈ છે, તેણે પણ આ જ લુક પસંદ કર્યો અને સાદો કાળો ડ્રેસ પહેર્યો. બીજી તરફ, કિયાન સફેદ પોલો ટી-શર્ટ અને ડાર્ક જોગર્સ પહેરીને આરામદાયક દેખાતો હતો. કરિશ્માની દિલ્હી મુલાકાત એવા સમયે આવી છે જ્યારે ઉદ્યોગપતિ સંજય કપૂર દ્વારા છોડી દેવાયેલી વિશાળ સંપત્તિ અંગે કાનૂની લડાઈ વધુ તીવ્ર બની રહી છે. સંજય કપૂરનું આ વર્ષે જૂનમાં અવસાન થયું હતું.

# બંગાળમાં બની રહેલી સિસ્ટમને કારણે રાજ્યમાં આજથી વરસાદની શક્યતા : અંબાલાલ પટેલ

અમદાવાદ,તા.૩૧

ગુજરાતના જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની વધુ એક આગાહી સામે આવી છે. આગાહી મુજબ રાજ્યમાં ૧થી ૩ ઓગસ્ટ દરમિયાન વિવિધ ભાગોમાં વરસાદ પડશે. કેટલાક ભાગોમાં ભારે વરસાદની પણ શક્યતા છે. ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં વૈશ્વિક સ્તરની સિસ્ટમ સક્રિય થશે. સિસ્ટમના કારણે મુંબઈ, મહારાષ્ટ્રમાં ભારે વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે પૂર આવે તેવી શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગરમાં ધોધમાર વરસાદ થવાની શક્યતા રહેશે. ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા રહેશે, સાબરકાંઠાના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની શક્યતા રહેશે. કોઈ પણ ભાગમાં ૪ ઈંચ વરસાદ થવાની શક્યતા રહેશે, સાબરમતી નદીમાં પાણીનો આવરો આવે અને નર્મદા ડેમની પાણીની આવક વધી શકે છે, નર્મદા બે કાંઠે વહી શકે છે, તાપી નદીમાં પાણીનો પ્રવાહ વધી શકે છે. અંબાલાલ પટેલનું વધુમાં કહેવું છે કે, હજી વરસાદની નવી સિસ્ટમ બની નથી, નવી વરસાદની સિસ્ટમ બનશે એટલે ભૂક્કા કાઢી નાખતો વરસાદ પડશે. તા.૧૮ થી ૨૨ ઓગસ્ટ દરમિયાન પણ વરસાદ યથાવત રહેશે અને સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત તથા મધ્ય ગુજરાતમાં વરસાદ પડશે અને ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં નવી વરસાદી સિસ્ટમ બનતા ભારે વરસાદ પડી શકે છે.



# મૂળ અમરેલી જિલ્લાની વતની અને સુરત રહેતી પરિણીતાએ ઝેરી દવા પીતા મોત

**સુરત પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી**

સુરત,તા.૩૧

મૂળ સાવરકુંડલાના ડેડકડી ગામની અને સુરતમાં લસકાણાના કઠોદરા ખાતે આવેલ ગઢપુર ટાઉનશિપમાં ૩૪ વર્ષીય મહિલા પરિવાર સાથે રહેતી હતી. પરિવારમાં એક સાત વર્ષનો દીકરો છે. મહિલાના પહેલા લગ્ન થયા હતા, જેમાં પતિનું વર્ષ ૨૦૨૦માં અકસ્માતમાં અવસાન થયું હતું. ત્યાર બાદ તેણે બીજા લગ્ન કર્યા હતા, પણ એ સફળ ન રહેતાં પરત પિયર આવી ગઈ હતી. હાલ મહિલા પિતા સાથે રહેતી હતી. પુત્રને તાવ આવતો હોવાથી ગઈકાલે સવારે દવાખાને લઈ જવાનું કહીને ઘરેથી મહિલા નીકળી હતી. સાંજ થઈ ગઈ હોવા છતાં પણ ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન મહિલાએ પોતાની મિત્ર સહિતના લોકોને પોતે પાસોદરા રોડ ખાતે આવેલા મામાદેવ મંદિર પાસે ઝેરી દવા પી લીધી હોવાની જાણ કરી દીધી હતી, જેથી મહિલાના મિત્રોએ તેમના પરિવારને આ અંગે જાણ કરી હતી. પરિવારજનો રાત્રે ૯ વાગ્યા આસપાસ મામાદેવના મંદિર પાસે પહોંચ્યાં હતાં. ત્યારે મહિલા બેભાન હાલતમાં મળી હતી અને તેમનો દીકરો તેની પાસે બેઠેલો હતો. ત્યાર બાદ બંનેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હોસ્પિટલ લઈ જતા સમયે દીકરાએ પણ ઊલટીઓ કરતાં તેને પરિવારજનોએ પૂછ્યું હતું કે તને શું થયું છે? ત્યારે દીકરાએ જણાવ્યું હતું કે માતાએ મને ઝેરી દવા પીવડાવી હતી અને ત્યાર બાદ તેણે પણ પી લીધી હતી.

**લાયન્સ ક્લબ ઓફ અમરેલી(સીટી)ના પ્રમુખ ઋજુલ ગોંડલીયાનું સન્માન**

# સામાજીક અને રાજકીય આગેવાનો સંજોગ ન્યૂઝની મુલાકાતે

અમરેલી,તા.૩૧

અમરેલીમાં સેવાકિય પ્રવૃત્તિમાં હરહંમેશ અગ્રેસર રહેનારી સંસ્થા લાયન્સ ક્લબ ઓફ અમરેલી(સીટીના નવનિયુકત પ્રમુખ બનવા બદલ સંજોગ ન્યૂઝ ખાતે ઋજુલ ગોંડલીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. ઋજુલ ગોંડલીયા છેલ્લાં ઘણા વર્ષોથી સેવાકિય પ્રવૃત્તિમાં સતત પ્રયત્નશીલ છે. સંજોગ ન્યૂઝ ખાતે આવેલા ઋજુલ ગોંડલીયાનું ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, સારહિ તપોવન આશ્રમના સ્થાપક મુકેશભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, સુરેશભાઈ દેસાઈ, હિરેનભાઈ હિરપરા, રિતેશભાઈ સોની સહિતનાઓએ ઋજુલ ગોંડલીયાનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. વસંતભાઈ મોવલીયાએ સેવાકિય પ્રવૃત્તિમાં હંમેશા અગ્રેસર રહેવા ઋજુલ ગોંડલીયાને શુભેચ્છા આપી હતી.





**સેવાકિય પ્રવૃત્તિ કરનારા આગેવાનોએ નવનિયુક્ત પ્રમુખને અભિનંદન પાઠવ્યા**

# જૂનાગઢનું ભવનાથ મંદિર ખાલી કરવા મહંત હરિગીરી બાપુને નોટિસ

જૂનાગઢ,તા.૩૧

જૂનાગઢના ભવનાથ મંદિરમાં હવે હરિગીરી બાપુ નહીં રહી શકે. આ મામલે પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે નિવેદન આપતા કહ્યું કે, તમામ પ્રકારની પ્રક્રિયા હવે વહીવટદાર શાસન હેઠળ આવી ગઈ છે. આ સાથે તેમણે કહ્યું કે, મંદિરના પૂજારી અને મેનેજરમાં કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો. નોંધનીય છે કે, ભવનાથ મહાદેવ મંદિરના મહંત તરીકે જિલ્લા કલેકટરે બે વર્ષ પહેલા હરિગીરી બાપુની નિમણૂક કરી હતી. જોકે હવે અનેક વિવાદો વચ્ચે અહીં વહીવટદારની નિમણૂક કરાઈ છે. જૂનાગઢનાં ભવનાથ મંદિરમાં હવે વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલની નિમણૂક કરાતા તેઓ આજે ૧ ઓગસ્ટથી ચાર્જ સંભાળી શકે છે. પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે કહ્યું છે કે, તમામ પ્રકારની પ્રક્રિયા હવે વહીવટદાર શાસન હેઠળ આવી ગઈ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરકારી કચેરીઓની ઓચિંતી મુલાકાતે પહોચ્યા

ગાંધીનગર,તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સરકારના વિભાગો અને જિલ્લા કચેરીઓની કામગીરી જાણવા માટે કોઈપણ આગોતરી જાણ કર્યા વિના જિલ્લા કચેરીઓની ઓચિંતી મુલાકાતે પહોંચ્યા હતા. સહયોગ સંકુલના બી-બ્લોકમાં આવેલી આ કચેરી સાથે જ કાર્યરત વાસ્મોની જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ કચેરીની કામગીરીની વિગતો પણ મુખ્યમંત્રીએ આ ઓચિંતી મુલાકાત દરમિયાન મેળવી હતી. તેમણે હેલ્પલાઈન પર મળતી ઓનલાઈન ફરિયાદો અને તેના નિવારણ માટે કરવામાં આવતી કાર્યવાહીની જાણકારી પણ અધિકારીઓને પૂછપરછ કરીને મેળવી હતી. તેમજ ગ્રામીણ સ્તરની પાણી સમિતિઓની રજૂઆતો હલ કરવા માટે થતી કામગીરીની પણ સમીક્ષા કરી હતી અને અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.




# ધોરાજી તાલુકાના પાટણવાવમાં ઝેરી જંતુ કરડવાથી પાંચ અસરગ્રસ્ત, એકનું મોત

ધોરાજી,તા.૩૧

ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે છેલ્લા છ મહિનાથી એક ઝેરી જંતુના કારણે ગામલોકોમાં ભયનો માહોલ છે. આ જંતુ કરડવાથી અત્યાર સુધીમાં પાંચ લોકો અસરગ્રસ્ત થયા છે અને એક વ્યક્તિનું મૃત્યુ પણ થયું હોવાનું કહેવાય છે. ગામલોકોના જણાવ્યા મુજબ, આ જંતુ પગમાં કરડે છે, જેના એક કલાક બાદ દુઃખાવો શરૂ થાય છે. પછી પગમાં ફોલ્લા પડી જાય છે અને ધીમે ધીમે આખા પગમાં ફેલાઈને કિડની સુધી પહોંચી જાય છે. તાજેતરમાં ૧૯ તારીખે બે વ્યક્તિઓને આ જંતુ કરડતા તેમને તાત્કાલિક ઉપલેટા ખાતે સારવાર માટે ખસેડાયા હતા. સ્થાનિકોએ તાત્કાલિક ધોરાજી તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વાછાણીને જાણ કરતા, તેઓ રાજકોટ આરોગ્ય શાખાની ટીમ સાથે પાટણવાવ પહોંચ્યા હતા. ટીમે અસરગ્રસ્ત દર્દીઓની તપાસ કરી અને જંતુના ઉપદ્રવ વાળા વિસ્તારમાં દવા છંટકાવ કર્યો હતો. આ અંગે વધુ તપાસ ચાલી રહી છે.


તસવીર : નયન કુહાડિયા

# સુરતના ડિંડોલીમાં શિક્ષકે તેના બે પુત્ર સાથે આપઘાત કરી લેતા અરેરાટી

સુરત,તા.૩૧

સુરતના ડિંડોલીની મેરીમાતા સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અલ્પેશભાઈ કાંતિભાઈ સોલંકી (ઉં.વ. ૪૧) મૂળ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા ગામના વતની છે અને હાલ સુરતમાં પરિવાર સાથે રહે છે. મૃતક શિક્ષક અલ્પેશભાઈ સોલંકીએ પોતાના ૨ વર્ષીય પુત્ર કર્નિશ અલ્પેશભાઈ સોલંકી અને ક્રીશીવ અલ્પેશભાઈ સોલંકી (ઉ.વ. ૮) પુત્ર સાથે આપઘાત કરી લેતાં શોકનો માહોલ છવાયો છે. ગુરુવારે મોડી સાંજે તેમના ક્વાર્ટરમાંથી કોઈ પ્રતિસાદ ન મળતાં પાડોશીઓને શંકા ગઈ હતી. જ્યારે દરવાજો તોડીને અંદર જોયું તો ત્રણેય મૃત હાલતમાં મળી આવ્યા હતા. બંને બાળકોના મૃતદેહ બેડ પર મૃત અવસ્થામાં મળી આવ્યા હતા, જ્યારે અલ્પેશભાઈનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો હતો.






